# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૮ * અંક-૨ * ઓક્ટોબર, ૨૦૨૩



# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જો (જિનવચન) લલિતમાં લલિત છે, જે શુદ્ધ છે, જે નિર્વાણના કારણનું કારણ છે, જે સર્વ ભવ્યોના કર્ણોને અમૃત છે, જે ભવભયરૂપી અરણ્યના ઉગ્ર દાવાનળને શમાવવામાં જળ છે, અને જે જૈન યોગીઓ વડે સદા વંદ્ય છે, તે આ જિનભગવાનનાં સદ્વચનને (સમ્યક્ જિનાગમને) હું પ્રતિદિન વંદું છું. ૨૦૨૦.

(શ્રી પદ્મપ્રભમલધારિદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૧૫)

● જગત અર્થાત્ જગતના જીવો અનાદિ સંસારથી માંડીને આજ સુધી અનુભવ કરેલા મોહને હવે તો છોડો અને રસિકજનોને રુચિકર ઉદય થઈ રહેલું જે જ્ઞાન તેને આસ્વાદો; કારણ કે આ લોકમાં આત્મા છે તે ખરેખર કોઈ પ્રકારે અનાત્મા (પરદ્રવ્ય) સાથે કોઈ કાળે પણ તાદાત્મ્યવૃત્તિ (એકપણું) પામતો નથી, કેમકે આત્મા એક છે તે અન્ય દ્રવ્ય સાથે એકતારૂપ થતો નથી. ૨૦૨૧.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૨૨)

● માયારૂપ રોગની દવા શાસ્ત્ર, પુણ્યનું કારણ શાસ્ત્ર, સર્વ પદાર્થોને જોનારું શાસ્ત્ર ને સર્વ પ્રયોજનોનું સાધક શાસ્ત્ર છે. ૨૦૨૨.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચારિત્ર અધિકાર, ગાથા-૭૩)

● હે જીવ ! જિનેન્દ્ર ભગવાનની વાણીનો રાત-દિવસ નિરંતર અભ્યાસ કરવા યોગ્ય છે. કેવી છે જિનવાણી ? પ્રમાણ અને નયને અનુકૂળ જીવાદિ પદાર્થોનું વર્ણન કરે છે માટે નિપુણ છે. વળી પ્રમાણ-નય-નિક્ષેપ નિરુક્તિ અનુયોગ આદિ ભેદો વડે જીવાદિ પદાર્થોનું વિસ્તારથી વર્ણન કરે છે માટે વિપુલ છે. વળી પૂર્વાપર વિરોધ આદિક દોષથી રહિત છે માટે શુદ્ધ છે. વળી તે જ અર્થને બતાવે છે તે કોઈ પણ પ્રકારે ફરી શકતો નહિ હોવાથી અત્યંત દૃઢપણાને કારણે નિકાચિત છે. વળી જિનવાણીથી અન્ય ઉત્કૃષ્ટ ત્રણલોકમાં કોઈ નથી માટે અનુત્તર છે. વળી સર્વ જીવોને હિતરૂપ છે. કોઈની અહિતકર નથી માટે સર્વહિત છે. વળી દ્રવ્યમળ જે જ્ઞાનાવરણાદિક અને ભાવમળ જે રાગાદિક તથા ક્રોધાદિક તેનો નાશ કરે છે માટે કલુષહર છે. એવી જિનવાણી જ નિરંતર અભ્યાસ કરવાયોગ્ય છે. જિનવાણી વિના જીવને કોઈ શરણ નથી માટે સર્વ પ્રકારે હિતરૂપ જાણી મનુષ્યજન્મ જિનાગમની આરાધના વડે સફલ કરો. ૨૦૨૩

(શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૦૧)

વર્ષ–૧૮
અંક–૨




વિ. સંવત
૨૦૭૯
October
A.D. 2023



## શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




### અધ્યાત્મ-અમૃતના ઓઘ વડે અતીન્દ્રિય આનંદમય અનુભૂતિનું અભિસંચન

પ્રવચનના પ્રારંભમાં જ પૂજ્ય ગુરુદેવ પ્રમોદપૂર્વક કહે છે કે આ સમયસાર ગાથા ૩૨૦ની ટીકા કરીને શ્રી જયસેનાચાર્યદેવે ઘણા ગંભીર ને સૂક્ષ્મ ભાવો જગત સમક્ષ ખુલ્લા કર્યા છે. આત્માના ગહન સ્વભાવની વાત ઘણી સૂક્ષ્મ છે પરંતુ ધ્યાન રાખીને સાંભળતા-સમજતાં મહાકલ્યાણકારી છે.

આચાર્યદેવ કહે છે કે શુદ્ધજ્ઞાન અથવા શુદ્ધજ્ઞાનપરિણત જીવ નેત્રની જેમ અકારક-અવેદક હોવાથી તે બંધ-મોક્ષને અને બંધ-મોક્ષના કારણભૂત શુભાશુભ કર્મોદય અને નિર્જરાને જાણે જ છે, કેમકે શુદ્ધદ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વ-ભોક્તૃત્વ તથા બંધ-મોક્ષનાં કારણ અને પરિણામથી શૂન્ય છે.

ત્યારે મોક્ષનું કારણ કોણ ?—એ વાત સમજાવતાં કહે છે કે ઉપશમ આદિ પાંચ ભાવોમાં જે શુદ્ધજીવત્વશક્તિલક્ષણ શુદ્ધ પારિણામિકભાવ છે તે નિષ્ક્રિય હોવાથી, બંધના કારણભૂત રાગાદિની ક્રિયાથી અને મોક્ષના કારણભૂત શુદ્ધપરિણતિની ક્રિયાથી તથા બંધ-મોક્ષપર્યાય પરિણતિથી રહિત હોવાને લીધે શુદ્ધપારિણામિકભાવ મોક્ષનું કારણ નથી. વળી

> જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
> જ્ઞાતાય એ રીત ત્યાગતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૩.
>
> પરમાગમ શ્રી સમયસાર

જે ઉદયભાવ છે તે રાગભાવ છે. અને રાગ છે તે બંધનું કારણ હોવાથી ઉદયભાવ પણ મોક્ષનું કારણ નથી. પરંતુ શુદ્ધપારિણામિક નિષ્ક્રિય તત્ત્વ જેનો વિષય છે અને સમસ્ત રાગાદિની ક્રિયા એવી શુદ્ધભાવનારૂપ પરિણતિ અર્થાત્ ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકભાવ તે શુદ્ધ-ઉપાદાનકારણભૂત હોવાથી મોક્ષનાં કારણ છે.

એ રીતે મોક્ષનું કારણ શુદ્ધોપયોગરૂપ પરિણતિ છે પણ નિષ્ક્રિય ધ્રુવતત્ત્વ મોક્ષનું કારણ નથી એમ કહીને શુદ્ધપરિણતિથી શુદ્ધપરિણતિનો વિષય એવું ત્રિકાળી ધ્રુવ તત્ત્વ કથંચિત્ ભિન્ન છે એમ કહ્યું, અને તેથી શુદ્ધ પરિણતિ તે ધ્યેયરૂપ નથી પણ નિષ્ક્રિય ત્રિકાળી ધ્રુવતત્ત્વ ધ્યેયરૂપ છે, તે જ સમ્યગ્દર્શનનો વિષય છે.

શુદ્ધ ત્રિકાળી નિષ્ક્રિય પરમપારિણામિકભાવને વિષય બનાવતાં સમ્યગ્દર્શન થાય છે કે જે કે સુખાનુભૂતિલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ છે, અને તે જ્ઞાન એમ જાણે છે એટલે કે ધ્યેયનું ધ્યાન ધરનાર ધર્મી એમ ધ્યાવે છે કે 'જે સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષ પ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધપારિણામિકપરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું.'

જિજ્ઞાસુ જીવોની સુખાનુભૂતિની તૃપ્તિ અર્થે, આ અલૌકિક ગાથા-ટીકા ઉપર સોનગઢમાં આઠ પ્રવચનો આપીને પૂજ્ય ગુરુદેવશ્રીએ અધ્યાત્મ-અમૃતના ધોધનું અભિસિંચન કર્યું હતું.

આત્માનો સ્વભાવ જ્ઞાનસ્વરૂપ છે તે રાગને કરે ને ભોગવે તે તેનો સ્વભાવ નથી. શરીરાદિ પરનું કરે કે ભોગવે તે તો આત્માનું સ્વરૂપ નથી પણ રાગને કરે કે વેદે તેવું જ્ઞાનસ્વભાવી આત્માનું સ્વરૂપ નથી તેમ અહીં શ્રી સમયસારની જયસેનાચાર્યરચિત 'તાત્પર્યવૃત્તિ' ટીકામાં કહે છે.

જયમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે !
જાણે જ કર્મોદય, નિરજરા બંધ તેમ જ મોક્ષને. ૩૨૦

## ચક્ષુના દૃષ્ટાંતે અકારક-અવેદક જ્ઞાનસ્વભાવ

જેવી રીતે નેત્ર-કર્તા-દૃશ્ય વસ્તુને, સંધૂકણ કરનાર પુરુષ અગ્નિરૂપ વસ્તુને કરે છે તેમ, કરતું નથી, અને તપેલા લોખંડના પીંડની માફક અનુભવરૂપે વેદતું નથી; તેવી રીતે શુદ્ધ જ્ઞાન પણ અથવા અભેદથી શુદ્ધજ્ઞાનપરિણત જીવ પણ પોતે શુદ્ધ-ઉપાદાનરૂપે કરતો નથી અને વેદતો નથી.---માત્ર દૃષ્ટિ જ નહિ પરંતુ ક્ષાયિકજ્ઞાન પણ નિશ્ચયથી કર્મોનું અકારક તેમ જ અવેદક પણ છે. તેવો હોતો થકો (શુદ્ધજ્ઞાનપરિણત જીવ) શું કરે છે ? જાણે

> જયમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
> સુદૃષ્ટિ એ રીત શ્રદ્ધતો નિજ ભાવથી પરદ્રવ્યને. ૩૬૪.

છે. કોને ? બંધ-મોક્ષને. માત્ર બંધ-મોક્ષને નહિ, શુભ-અશુભરૂપ કર્મોદયને તથા સવિપાક-અવિપાકરૂપે ને સકામ-અકામરૂપે બે પ્રકારની નિર્જરાને પણ જાણે છે.

ભગવાન આત્માનો એવો સ્વભાવ છે કે પુણ્ય-પાપના રાગને કરતો નથી કે વેદતો નથી. જેવી રીતે નેત્ર-આંખ જે વસ્તુને દેખે છે તે દશ્ય વસ્તુને, જેમ અગ્નિને સળગાવનાર પુરુષ અગ્નિને કરે છે તેમ આંખ દશ્ય વસ્તુને દેખે છે પણ કરતું નથી અને જેમ લોખંડનો તપેલો ગોળો ઊનાપણે પરિણમે છે તેમ નેત્ર દશ્ય પદાર્થને દેખે છે પણ તેને વેદતું નથી. તેવી રીતે શુદ્ધ જ્ઞાનનો એવો સ્વભાવ નથી કે પુણ્ય-પાપના ભાવને કરે કે ભોગવે અને શુદ્ધજ્ઞાન-પરિણત જીવ પોતે પુણ્ય-પાપના ભાવને કરતું નથી કે વેદતું નથી. હું શુદ્ધ છું એવી પવિત્રતાના પરિણામપણે પરિણમેલો જીવ દયા-દાનના પરિણામને કરતો નથી ને વેદતો નથી.

શુદ્ધ જીવ વસ્તુ પુણ્ય-પાપના રાગને કરતો નથી, વેદતો નથી, એમ ક્યારે સિદ્ધ થાય ?—કે જ્ઞાનસ્વભાવને ધ્યેય બનાવીને પરિણમે ત્યારે રાગનો અકારક અવેદક છે. એટલે કે સમ્યગ્દર્શનમાં થાય ?—કે જ્ઞાનસ્વભાવને ધ્યેય બનાવીને પરિણમે ત્યારે રાગનો અકારક અવેદક છે. એટલે કે સમ્યગ્દર્શનમાં જ્યાં નિર્મળ પરિણમન થયું છે તે જીવને દયા-દાનનો વિકલ્પ આવે તેને તે દૂરથી જાણે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમન થયું એ જીવ રાગ-દ્વેષને શુદ્ધ ઉપાદાનપણે કરતો નથી. દ્રવ્યસ્વભાવ તો અકારક અને અવેદક જ છે પણ એવું પરિણમન થયા વિના દ્રવ્યસ્વભાવનો નિર્ણય શી રીતે આવે ? કરે નહિ ને ભોગવે નહિ.

વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આવે, અશુભરાગ પણ આવે પણ ધર્માત્મા એનો કર્તા ને ભોક્તા નથી, કેમકે જે સ્વભાવપણે પરિણમે તે વિભાવપણે કેમ પરિણમે ? જેને પર્યાયમાં ધર્મનું પરિણમન થાય તે જીવ—તે જીવનું જ્ઞાન દયા-દાન-વ્રત-ભક્તિના રાગને કરે નહિ ને ભોગવે નહિ.

## શુદ્ધજ્ઞાનપરિણત જીવ શું કરે છે ?

હવે કહે છે કે કેવળજ્ઞાન થયું, જેવું સર્વજ્ઞપણું શક્તિરૂપે છે તે પર્યાયમાં આવ્યું છે એવું ક્ષાયિક જ્ઞાન પણ જોગના કંપનનું અકર્તા છે—એમ સિદ્ધાંત કહીને વળી સાધકની વાત કરે છે કે સાધક-શુદ્ધજ્ઞાનપરિણત જીવ શું કહે છે ? ધર્મી થયો છે. શુદ્ધજ્ઞાનરૂપ પરિણમન

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૦ ઉપર)

**એમ જ્ઞાન-દર્શન-ચરિતમાં નિર્ણય કહ્યો વ્યવહારનો,**
**ને અન્ય પર્યાયો વિષે પણ એ જ રીતે જાણવો. ૩૬૫.**




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(શ્લોક ૬૦-૬૧)

જો કે શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ તો બધાય તીર્થંકર ભગવંતોએ એકસરખો કર્યો છે, પણ તેમાં નજીકમાં થઈ ગયેલા અને વર્તમાન પ્રવર્તતા શાસનના નાયક શ્રી મહાવીર ભગવાન હોવાથી આચાર્યદેવે તેમનું નામ લઈને વાત કરી છે. કેવા છે તે વીતરાગી મહાવીર પરમાત્મા?—કે જેમનાં ચરણકમળ ભક્તિભરેલા ઇંદ્રોના મુગટોની સાચી રત્નમાલાથી પૂજનીક છે. ઇંદ્રોની રત્નમાલા શાશ્વત હોય છે. ભગવાનના આત્મામાં તો કેવળજ્ઞાનાદિ અનંત ચૈતન્યરત્ન શાશ્વતપણે પ્રગટ્યાં છે અને સામે ભક્તિ કરનાર ઇંદ્ર પણ શાશ્વત રત્નમાલાથી પૂજે છે. તે મહાવીર ભગવાને એવો ઉપદેશ આપ્યો કે, બધા આત્મા પરિપૂર્ણ છે, જેવો હું તેવો જ તું છે, મારા અને તારા સ્વભાવમાં કાંઈ ફેર નથી. સ્વભાવને ભૂલીને તેં એમ માન્યું છે કે રાગાદિ મારું સ્વરૂપ છે, તે મિથ્યા માન્યતા જ સંસારનું મૂળ કારણ છે. 'હું ભગવાન જેવો પરિપૂર્ણ નથી પણ હું વિકારી ને અધૂરો છું' એમ માનીને મારા અને તારા આત્મા વચ્ચે તેં આંતરો પાડ્યો તેથીજ સંસાર છે. ભગવાનના અને પોતાના આત્મા વચ્ચે શ્રદ્ધામાં આંતરો માને તે ભગવાન ક્યાંથી થાય? હું ભગવાન જેવો નહિ પણ હું તો વિકારી—પામર,—એમ માને છે પણ સ્વભાવથી તો પોતે ભગવાન જેવો જ છે—એમ વિશ્વાસ નથી કરતો તે જ સંસારનું કારણ છે—આમ મહાવીર ભગવાને શુદ્ધાત્માનો જે ઉપદેશ આપ્યો તે ઉપદેશથી શુદ્ધાત્માને સમજે તો સંસારનો નાશ થઈને મુક્તિ થયા વિના રહે નહીં. એવો શુદ્ધાત્માનો ઉપદેશ પામીને સંતો ભવપાર થઈ જાય છે.

ભગવાન મહાવીરનો એવો ઉપદેશ છે કે "હે જીવ! તું ક્ષણિક વિકાર જેટલો કે અધૂરો જ નથી, માટે 'રાગાદિ મારાં' એવી માન્યતા મૂકી દે. તારો સ્વભાવ તો સિદ્ધ ભગવાન જેવો પરિપૂર્ણ છે તેને ઓળખ, અને સંસારના વિકલ્પોને દૂર કરીને તેવા આત્માનો અનુભવ કર. શુદ્ધ આત્માના આનંદના અનુભવ વગર મુક્તિ નથી." આવા ઉપદેશને માનીને તે પ્રમાણે ચાલવાવાળા જીવો જરૂર મુક્તિના ભોગી થાય છે. મુક્ત દશામાં આત્મા પોતાના સ્વભાવના પરમ આનંદને જ ભોગવે છે. અહીં સંસારમાં પણ કોઈ જીવ શરીર–પૈસા વગેરે પરવસ્તુને ભોગવતો નથી. માત્ર રાગ–દ્વેષથી આકુળતાને ભોગવે છે, ને રાગ–દ્વેષરહિત શુદ્ધાત્મસ્વભાવનું ભાન કરીને મુક્ત થયા તે જીવો મુક્તદશામાં આત્માના નિર્વિકારી આનંદને સાદિઅનંતકાળ સુધી ભોગવે છે.



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, નયોના કથનને સંકોચે છે :—

**एवं विविहणएहिं, जो वत्थुं ववहरेदि मोयम्मि ।**
**दंसणणाणचरित्तं, सो साहदि सग्गमोक्खं च ।।२७८।।**

અર્થ :—જે પુરુષ, લોકમાં આ પ્રમાણે અનેક નયોથી વસ્તુને વ્યવહારરૂપ કહે છે અને સાધે છે અને પ્રવર્તાવે છે તે પુરુષ દર્શન-જ્ઞાન-ચારિત્રને સાધે છે તથા સ્વર્ગ-મોક્ષને સાધે છે.

ભાવાર્થ :—પ્રમાણ અને નયોથી વસ્તુનું સ્વરૂપ યથાર્થ સધાય છે. જે પુરુષ, પ્રમાણ અને નયોનું સ્વરૂપ જાણી વસ્તુને યથાર્થ વ્યવહારરૂપ પ્રવર્તાવે છે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની તથા તેના ફળરૂપ સ્વર્ગ-મોક્ષની સિદ્ધિ થાય છે.

હવે, નયોના કથનનો ઉપસંહાર કરે છે. હકીકતમાં તો શુદ્ધદૃષ્ટિ દ્વારા સ્વદ્રવ્યના અવલંબનથી જ મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રગટ થાય છે પરંતુ જ્ઞાન છે, તે નિશ્ચય-વ્યવહારના જેટલા પ્રકાર છે, તેને જાણે છે. અહીં જ્ઞાનની સ્પષ્ટતા, તે મોક્ષનું કારણ છે—એમ કહ્યું છે. કોઈ કહે છે કે એકલું જ્ઞાન, મોક્ષનું કારણ કેવી રીતે? તો તેને કહે છે કે મોક્ષમાર્ગમાં સમ્યગ્જ્ઞાન આવે છે અને તે જ્ઞાનમાં સાત નય આવે છે. સંયોગ, વિકાર, અવિકાર, દ્રવ્ય, ગુણ, પર્યાયને તે જ્ઞાન, વાસ્તવિકરૂપે જાણી લે છે અને એવું જાણવાવાળું તે જ્ઞાન, સ્વસન્મુખ થઈ શકે છે અને તે જ્ઞાનમાં આત્માને પકડીને સ્થિર થવાનું સામર્થ્ય છે; માટે અહીં જ્ઞાનની મુખ્યતા કહી છે.

જુઓ, આ સમ્યગ્દૃષ્ટિ જીવની બાર ભાવનાઓનું વર્ણન છે. હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું—એમ યથાર્થ નિર્ણય થયા વિના આ લોકભાવના આદિ થઈ શકતી નથી. લોકમાં છએ દ્રવ્ય સ્વતંત્ર ભિન્ન-ભિન્ન છે; કોઈ કોઈને આધીન નથી. વીતરાગ પ્રરૂપિત આ વાસ્તવિક તત્ત્વનું શ્રવણ કરવાવાળા લોકો પણ આ લોકમાં વિરલા છે—એમ હવે કહેશે.

હવે, કહે છે કે તત્ત્વાર્થનું શ્રવણ, જ્ઞાન, ધારણ અને ભાવના કરવાવાળા વિરાલા છે :—

ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન વિષયમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે વિષયમાં? ૩૬૬.

**विरमा णिसुणहि तच्चं, विरला जाणंति तच्चदो तच्चं।**
**विरला भावहि तच्चं, विरलाणं धारण होदि ॥२७९॥**

અર્થ :—જગતમાં તત્ત્વને કોઈ વિરલા પુરુષ સાંભળે છે, સાંભળીને પણ તત્ત્વને યથાર્થરૂપે વિરલા જ જાણે છે, જાણીને પણ તત્ત્વની ભાવના અર્થાત્ પુનઃ પુનઃ અભ્યાસ વિરલા જ કરે છે તથા અભ્યાસ કરીને પણ તત્ત્વની ધારણા તો વિરલાઓને જ હોય છે.

ભાવાર્થ :—તત્ત્વાર્થનું યથાર્થ સ્વરૂપ સાંભળવું, જાણવું, ભાવવું અને ધારવું ઉત્તરોત્તર દુર્લભ છે. આ પંચમ કાળમાં તત્ત્વના યથાર્થ વક્તા દુર્લભ છે તથા તેને ધારણ કરવાવાળા પણ દુર્લભ છે.

જગતમાં યથાર્થ વીતરાગી તત્ત્વનું શ્રવણ કરવાવાળા જીવ બહુ જ થોડા હોય છે. તીર્થંકરોના સમયમાં લાખો-કરોડો જીવ, તત્ત્વને સાંભળવાવાળા હોય છે, તો પણ તે સમયે પણ અજ્ઞાની જીવ ઘણા હોય છે. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે દિવ્યધ્વનિ દ્વારા જે છ દ્રવ્ય, દેવ-શાસ્ત્ર-ગુરુ, કારણ-કાર્યની સ્વતંત્રતા, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ આદિનું વર્ણન કર્યું છે, તે વીતરાગી તત્ત્વને સાંભળવાવાળા જીવ જગતમાં હમેશા થોડા જ હોય છે—એવો જ જગતનો સ્વભાવ છે. પૂર્વાપર વિરોધ રહિત વાસ્તવિક ચૈતન્યસ્વભાવની દૃષ્ટિની વાત સાંભળવાવાળા જીવ પણ જગતમાં થોડા જ છે. જગતના બધા જ જીવો સત્ય સમજી લે—એમ થતું નથી.

આહાહા ! સંસારમાં જીવોની સત્ય-શ્રવણની પણ દુર્લભતા છે. સત્યનું શ્રવણ પ્રાપ્ત થાય—એવા પૂર્વના પુણ્યની પણ દુર્લભતા છે અને વર્તમાનમાં તે પ્રકારની યોગ્યતાવાળા જીવોની પણ દુર્લભતા છે. સર્વજ્ઞદેવ દ્વારા જોયેલા લોકના છ દ્રવ્ય, કારણ-કાર્યભાવ આદિ દરેકનું વર્ણન કર્યા બાદ શાસ્ત્રકાર કહે છે કે આ સત્ય તત્ત્વને સાંભળવાવાળા જીવ, જગતમાં બહુ જ થોડા છે.

તત્ત્વ શ્રવણ કરવાવાળા જીવોમાં પણ તત્ત્વને વાસ્તવિકરૂપે જાણવાવાળા વિરલા જ હોય છે. જેમ જંગલમાં બકરી અને ઘેટાના ટોળા ઘણા જ હોય છે પણ તેવા ટોળા સિંહ અને વાઘના હોતા નથી. જોકે ક્યાંક સિંહની સંખ્યા વધારે હોય છે પણ બકરી-ઘેટા જેટલા હોતા નથી, આ જ પ્રમાણે પહેલા તો સાચી વાત સાંભળવા મળે—એવા જીવ જગતમાં ઘણા જ થોડા છે અને તેમાં પણ યથાર્થ તત્ત્વને જાણવાવાળા જીવ વિરલા જ

**ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કર્મમાં,**
**તે કારણે આ આતમા શું હણી શકે તે કર્મમાં ? ૩૬૭.**

હોય છે. લાખો-કરોડો જીવ એક સાથે સમજી જાય—એવો આ કાળ નથી. અત્યારે તો કળજુગ આવી ગયો છે, એમાં તત્ત્વની વિરલતા ઘણી જ થઈ ગઈ છે.

જુઓ, આ તત્ત્વના શ્રવણની અને જ્ઞાનની દુર્લભતા છે. તેને સાંભળવાવાળા અને જાણવાવાળા વિરલા છે—એમ કહ્યું પણ ત્યાંય તેનો સર્વથા અભાવ નથી. અત્યારે અધ્યાત્મના નામ પર કેટલાય લોકો વાતો કરે છે પણ તેમને સાચા દેવ-શાસ્ત્ર-ગુરુના સ્વરૂપનું પણ ભાન નથી. તત્ત્વની સાચી વાત કહેવાવાળાની પણ દુર્લભતા છે અને સાંભળવાવાળાની પણ દુર્લભતા છે અને સાંભળીને તે યથાર્થ તત્ત્વને જાણવાવાળા જીવ પણ વિરલા છે.

તત્ત્વને સાંભળીને તથા જાણીને પણ કોઈ વિરલ મનુષ્ય જ અંતરંગમાં તેનો અભ્યાસ કરે છે તથા તેનો અભ્યાસ કરીને પણ તત્ત્વની નિર્દોષ ધારણા તો કોઈ અપૂર્વ જીવને જ થાય છે.

શ્રીમદ્ યોગીન્દુદેવે યોગસારમાં કહ્યું છે કે—

''विरलाः जानन्ति तत्त्वं बुधाः विरलाः निशृण्वन्ति तत्त्वम् ।
विरलाः ध्यायन्ति तत्त्वं जीव विरलाः धारयन्ति तत्त्वम् ।।६६।।''

દિગંબર જૈન શાસનની સનાતન સત્ય વાત સાંભળવા મળવી જ જીવોને દુર્લભ છે. સાંભળ્યા પછી યથાર્થ તત્ત્વને સમજીને, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાવાળા જીવ પણ ઘણા જ દુર્લભ છે. આહા! દરેક પ્રકારના ભૂલ રહિત પરમ સત્ય—એવું વસ્તુસ્વરૂપ સાંભળવાવાળા અને સમજવાવાળા જીવ પણ જગતમાં વિરલ છે. વસ્તુસ્વભાવને લક્ષ્યમાં લીધા પછી અંતરંગમાં વારંવાર તેના અનુભવનો અભ્યાસ કરવાવાળા જીવ પણ દુર્લભ છે. તત્ત્વને જાણ્યા પછી પણ અંતરંગમાં નિર્વિકલ્પ થવાની દુર્લભતા છે અને અખંડધારારૂપથી આરાધનાને ટકાવી રાખવી તો વિરલ જીવોને જ હોય છે.

જુઓ, આચાર્યદેવે બે હજાર વર્ષ પહેલા આ દુર્લભતાનું વર્ણન કર્યું છે તો અત્યારે તો તેનાથી પણ વિશેષ દુર્લભતા છે. તત્ત્વાર્થનું યથાર્થ સ્વરૂપ સાંભળવું, જાણવું, ચિંતવન કરવું અને ધારણ કરવું ઉત્તરોત્તર દુર્લભ છે. આ પંચમકાળમાં તત્ત્વજ્ઞાનના સાચા વક્તા દુર્લભ છે અને તેને ધારણ કરવાવાળા પણ દુર્લભ છે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૩ ઉપર)

**ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કાયમાં,**
**તે કારણે આ આતમા શું હણી શકે તે કાયમાં? ૩૬૮.**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૨૭, ગાથા - ૨૬)

## રાગમાં એકત્વ બંધનું મૂળ, રાગથી ભિન્નત્વ મુક્તિનું મૂળ

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યે બંધ અધિકારમાં જે વાત ફરમાવી છે તે શ્રી અમૃતચંદ્ર આચાર્યે ટીકાના કળશમાં લીધી છે અને એ જ વાતનો અહીં પંડિત આશાધરજીએ આધાર આપ્યો છે. પંડિત આશાધરજી ગૃહસ્થાશ્રમમાં હતા. તેમણે શ્રી પૂજ્યપાદસ્વામીની ગાથાની ટીકા કરી છે. તેમાં આ ગાથા ''મમ''થી બંધાય છે અને ''નિર્મમ''થી મુકાય છે, તેની વ્યાખ્યા કરતાં કહે છે કે ભગવાન નિર્લેપ, અબંધ, શુદ્ધ ચૈતન્યતત્ત્વની સત્તાની સાથે રાગાદિનું મિલન કરે છે કે આ રાગ મને લાભદાયક છે તેનો અર્થ એ કે રાગ મારો છે અને હું તેનો છું એવો જે મિથ્યા અભિપ્રાય કરે છે તે જીવ કર્મથી બંધાય છે.

અનાદિકાળથી જીવે મિથ્યાત્વનો ધંધો માંડ્યો છે. ત્યાગી થયો, બાવો થયો, અરે ! દિગંબર મુનિ થયો પણ મિથ્યાત્વ છોડ્યું નહિ. શુક્લ લેશ્યાના પરિણામ કરીને નવમી ગ્રૈવેયક જઈ આવ્યો પણ શુક્લ લેશ્યાના પરિણામ તે હું નહિ—આવું ભેદજ્ઞાન કર્યું નહિ તેથી કર્મબંધન ટળ્યું નહિ.

આમ, શરીરની ક્રિયા બંધનું કારણ નથી, પાંચ ઈન્દ્રિયો બંધનું કારણ નથી, કર્મ થવા યોગ્ય જગતના પુદ્ગલ પરમાણુ કર્મબંધનું કારણ નથી કે જીવ-અજીવનો ઘાત પણ બંધનું કારણ નથી. માત્ર એક ભગવાન આત્મા પોતાના ચૈતન્ય ઉપયોગરૂપ સ્વભાવની દૃષ્ટિ છોડી પુણ્ય-પાપના પરિણામને પોતાની સત્તા સાથે જોડે છે, ઐક્ય માને છે તે જ કર્મબંધનું કારણ છે.

ચૈતન્યના ઉપયોગમાં રાગના ભાગનો ત્રિકાળ અભાવ સ્વભાવ છે એમ નહિ માનતા અભિપ્રાયમાં રાગનું એકત્વ કરવું તે જ અનંત સંસારના બંધનનું કારણ છે. રાગ મિથ્યાત્વના બંધનું કારણ નથી પણ રાગની એકતા માનવી તે મિથ્યાત્વના બંધનું કારણ છે.

સમયસારમાં જયચંદજી પંડિતે બહુ સારો અર્થ કર્યો છે કે અભ્યંતરની અપેક્ષાએ તો સમકિતી અબંધ જ છે અને સમ્યગ્દર્શન રહિત જીવ બાહ્યના ગમે તેટલા ત્યાગમાં

છે જ્ઞાનનો, દર્શન તણો, ઉપઘાત ભાખ્યો ચરિતનો,<br>
ત્યાં કાંઈ પણ ભાખ્યો નથી ઉપઘાત પુદ્ગલદ્રવ્યનો. ૩૬૯.

રહ્યા છતાં તેના અભિપ્રાયમાં એમ છે કે આ મેં ત્યાગ કર્યો છે અને આ શુભરાગ મને લાભદાયક છે તો તે માન્યતાવાળો પરમ ધર્મનો ત્યાગી છે અને એકલો અધર્મનો ભોગી છે. આ તો ભાઈ ! વીતરાગનો માર્ગ છે. અહીં કોઈની લાગવગ ન ચાલે.

આહાહા ! ભાઈ ! ભગવાન ચૈતન્ય જ્યોત, જ્ઞાનની મૂર્તિ, ચૈતન્યસૂર્ય છે. એ ચૈતન્યના પ્રકાશના નૂરના તેજમાં રાગનો શુભવિકલ્પ ઊઠે એ તો અંધકાર છે. આ પ્રકાશ અને અંધકારમાં એકત્વ માનવું બસ, એ જ મિથ્યાત્વ અને અનંત સંસારમાં રખડવાનું મૂળ છે. બંધનું કારણ આ એક જ છે. એ સિવાય બીજું કોઈ બંધનું કારણ નથી.

હવે, અહીં આત્માનુશાસનના ૧૧૦મા શ્લોકનો આધાર આપે છે. બહુ ઊંચો શ્લોક છે. હું અકિંચન છું. (એટલે કિંચિત્ માત્ર રાગાદિ મારા નથી) મારું કાંઈ નથી. હું ચૈતન્ય ભગવાન રાગાદિ વિકલ્પથી રહિત છું, અને વિકલ્પ મારા કાંઈ પણ નથી. હું તો જાણનાર-દેખનાર માત્ર છું. સ્ત્રી, પુત્ર, પરિવાર તો મારા નથી જ. એ તો મારાથી બહુ દૂર છે પણ, મારી પર્યાયમાં થયેલા રાગાદિ પણ મારા સ્વરૂપમાં નથી. તે વિકલ્પો જરી પણ મારા નથી. મુનિરાજ કહે છે કે બસ ! હું અકિંચન છું એમ ભાવના કરી બેસી રહો એટલે કે અંતરમાં સ્થિર થાઓ, અને ત્રણલોકના સ્વામી બનો. લોકોએ આવી વાત સાંભળી નથી, તેથી આ વાતથી તદ્દન બેખબર છે. બેખબર એટલે બમણી ખબરવાળા નહિ પણ વગરના છે અને માને છે કે અમે ધર્મ કરીએ છીએ.

શ્રોતા :—પણ ! વ્રત-ભક્તિ આદિ ક્યારે કરવાના ?

ભાઈ ! એ ભાવો વચ્ચે આવશે પણ તે કાંઈ મોક્ષમાર્ગ નથી. તે સંવર, નિર્જરા કે મોક્ષનું કારણ નથી. જ્યાં સુધી સ્વરૂપમાં પૂર્ણ સ્થિર થઈ ન શકે ત્યાં સુધી વચ્ચે શુભભાવ આવે પણ તે મોક્ષમાર્ગ નથી. એકવાર સ્વરૂપમાં ઠર્યો એ ક્રમે ક્રમે કેવળજ્ઞાન પામ્યે છૂટકો છે. સ્વરૂપમાં સ્થિરતા સિવાય બીજો કોઈ કેવળજ્ઞાનનો ઉપાય નથી.

રાગ અને જડની ક્રિયાથી પૃથક્ છું એમ પ્રથમ શ્રદ્ધા કર ! રાગ ને દેહની ક્રિયા મારામાં નથી અને હું રાગ અને દેહની ક્રિયામાં આવતો નથી. જ્ઞાયકભાવ કાંઈ રાગમાં આવે ! ભગવાન આત્મા કાંઈ દેહની પર્યાયના ઉત્પાદમાં આવે ! ત્રણકાળમાં કદી ન આવે. છતાં રાગ અને દેહની ક્રિયામાં મમત્વ કરવું તે જ એક સંસાર બંધનનું મૂળ છે.

આ આત્માનુશાસનના ૧૧૦મા શ્લોકમાં પરમાત્મા થવાનું ટૂંકું રહસ્ય આપી દીધું છે. હું અકિંચન છું એવી ભાવનાપૂર્વક સ્વરૂપમાં સ્થિર થઈ જાય તે યોગી

> **જે ગુણ જીવ તણા, ખરે તે કોઈ નહિ પરદ્રવ્યમાં,**
> **તે કારણે વિષયો પ્રતિ સુદૃષ્ટિ જીવને રાગ ના. ૩૭૦.**

અલ્પકાળમાં પરમાત્મા—ત્રણલોકના નાથ બને છે.

થોડું પણ સાચું ગ્રહણ કરે તો એ થોડામાં આખું કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની તાકાત છે. કેમકે થોડું પણ સાચું છે. તેનાથી વિપરીત થોડી પણ ખોટી માન્યતા ગ્રહણ કરે તેમાં અનંતા નિગોદના ભવ કરવાની તાકાત છે.

અહીં ટૂંકામાં પરમાત્મા થવાનું રહસ્ય બતાવ્યું છે. રાગની એકતા તોડીને સ્વભાવની એકતામાં રહેવું તે જ એક પરમાત્મા થવાનો ઉપાય છે. આમાં બધા શાસ્ત્રોનું રહસ્ય આવી જાય છે. બહું ઊંચો શ્લોક છે.

સંસારની હોંશ ઊડી જાય એવી આ વાતો છે. એક ડૉક્ટર કહેતા હતા કે હમણાં (યુવાનીમાં) આ મહારાજની વાત સાંભળવી નહિ. નહિતર અત્યારથી સંસારની હોંશ ઊડી જાય માટે વૃદ્ધાવસ્થામાં આ વાત સાંભળવી !!

લોકોએ વીતરાગમાર્ગને વીંખી નાખ્યો, પીંખી નાખ્યો. જેમ ગાદલાંની તળાઈમાં ગોળના રવા મૂક્યા હોય ને ઉનાળામાં રવા પીગળી જાય તો ગોળનો રસ બધો ગાદલામાં ઉતરી જાય, એ બહાર સૂકવવા મૂકે તો ગોળ ખાવા માટે કૂતરા ગાદલાંને તોડી નાખે-વીંખી નાખે, સુખશય્યાને ચૂંથી નાખે. તેમ અજ્ઞાની જીવોએ ભગવાન આત્મામાં સુખે સુવાય એવી દૃષ્ટિ-જ્ઞાન-રમણતાના માર્ગને ચૂંથી નાખ્યો, વીંખી નાખ્યો છે. એક સંપ્રદાયવાળા કહે શિખરજીની યાત્રા કરીએ તો ભવ કપાય, તો બીજો કહે મંદિર બંધાવીએ તો ભવ છૂટી જાય, તો ત્રીજો કહે કે પંચમહાવ્રતના પરિણામ પાળીએ તો ભવ છૂટે. બધી ડીંગેંડીંગ છે. આ તો બધા રાગના—પુણ્ય પરિણામ છે તેનાથી બંધન થાય, ભવ એક પણ ઘટે નહિ.

ભગવાન આત્માની પૂર્ણાનંદ નિધિમાં અંતર ઐક્યતા દ્વારા જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-શુક્લધ્યાન અને કેવળજ્ઞાન એકધારાએ પ્રગટ થાય છે. ત્રણકાળ—ત્રણલોકમાં બીજો કોઈ માર્ગ નથી. વીતરાગ માર્ગે જ વીતરાગતા પ્રગટ થાય છે. રાગના માર્ગે વીતરાગતા ન પ્રગટે.

અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર અને ઈશાન ઈન્દ્ર જેવા મહાપુણ્યવંત જીવો પણ ભગવાન પાસે આ વીતરાગતાની વાત સાંભળવા જાય છે અને કહે છે કે હે નાથ ! તમારો માર્ગ જ સત્ય છે.

વળી રાગ, દ્વેષ, વિમોહ તો જીવના અનન્ય પરિણામ છે,<br>
તે કારણે શબ્દાદિ વિષયોમાં નહીં રાગાદિ છે. ૩૭૧.

અહા ! સર્વજ્ઞ વીતરાગ પરમાત્માની વાણીનું રહસ્ય અહીં ટૂંકામાં બતાવી દીધું. ''આત્માનો મોક્ષ અંતર ઐક્યતાથી થાય છે.'' એ જ રહસ્ય છે. રાગથી પૃથક્તા અને સ્વભાવની એકતા કરવી તે જ મોક્ષમાર્ગ છે. સમયસારમાં પણ ''એકત્વ-વિભક્ત આત્માની'' વાત કરી તેમાં પણ આ વાત આવી ગઈ.

અનંત પરમાત્મા થઈ ગયા, વર્તમાનમાં બિરાજે છે અને અનંત પરમાત્મા ભવિષ્યમાં થશે એ બધાનું રહસ્ય આ એક છે કે ભાઈ ! રાગની ઉપેક્ષા કર ! સ્વભાવની અપેક્ષા કર અને ઠર ! બસ મુક્તિ....બીજો કોઈ મુક્તિનો ઉપાય નથી.

હવે ''જ્ઞાનાર્ણવ''નો આધાર આપીને જ વાત કહે છે કે ''રાગી જીવ કર્મોથી બંધાય છે અને વીતરાગી જીવ કર્મોથી મુક્ત થાય છે.'' અહીં રાગીનો અર્થ રાગની સાથે એકતા માનવાવાળો જીવ. સમ્યગ્દૃષ્ટિને પણ રાગ તો છે પણ રાગની સાથે એકતા નથી માટે તે કર્મોથી બંધાતા નથી. સમ્યગ્દૃષ્ટિને પાંચ ઈન્દ્રિયના ભોગ, લડાઈ આદિ બધાનો રાગ હોય પણ તેમાં એકતા નથી.....એકવાક્ય ભિન્ન પડ્યું તે એક થતું નથી, ભિન્ન જ રહે છે. વીતરાગી જીવ કર્મોથી મુક્ત થાય છે અને રાગી જીવ કર્મ બાંધે છે. બસ આ જ બંધ-મોક્ષ સંબંધી જિનેન્દ્રનો સંક્ષેપમાં ઉપદેશ છે. વીતરાગપ્રભુ ભલે બિરાજતા હો કે ન હો, વાણી હો કે ન હો પણ ભગવાનનો ઉપદેશ આ છે. અહીં ટૂંકામાં તેનો સાર બતાવ્યો છે. (ક્રમશઃ) ❋


---

(અનુસંધાન પેજ નં. ૯ થી ચાલુ) (વૈરાગ્ય ભાવના)


આ કાળમાં ચૈતન્યસ્વભાવની દૃષ્ટિપૂર્વક યથાર્થ તત્ત્વના વક્તા પ્રાપ્ત થવા ઘણા જ દુર્લભ છે. ત્રણેકાળે તેની દુર્લભતા છે. પણ આ કાળમાં તો મહાદુર્લભતા છે તથા સાંભળવાવાળા જીવ પણ વિરલા હોય છે. જગતમાં સાચા દેવ-શાસ્ત્ર-ગુરુને ઓળખવાવાળા જીવ પણ વિરલા હોય છે. સાચા જ્ઞાની વક્તા, સત્ય સાંભળવાવાળા મળે તો તેને ઓળખવાવાળા જીવ ઘણા દુર્લભ હોય છે. જગતના જીવ પોત-પોતાના કુળ-સંપ્રદાયના ગુરુને માને છે અને કુદેવ-કુગુરુનું પોષણ કરી રહ્યા છે.

કુદેવ-કુલિંગને વંદન કરવા, તે વિનય મિથ્યાત્વનું પોષણ છે. જે જીવોએ સર્વજ્ઞ વીતરાગદેવની પરંપરાને તોડીને ઉંધો માર્ગ ચલાવ્યો છે, તે જીવ જૈનશાસનના શત્રુ છે અને તેને માનવાવાળા જીવ પણ અનંત સંસારમાં પરિભ્રમણ કરવાવાળા છે.

જુઓ, સત્ય તત્ત્વની જગતમાં દુર્લભતા છે—એ જાણીને સ્વયં તેની મહિમા લાવીને પ્રયત્ન કરીને સત્ય સમજવા માટે આ વાત છે. (ક્રમશઃ) ❋




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(બીજી ઢાળ ગાથા-૬)

### બંધ અને સંવરની ઓળખાણમાં ભૂલ

'आतमहितहेतु विरागज्ञान' એમ કહ્યું છે; રાગને આત્માના હિતનો હેતુ નથી કહ્યો. વિરાગ-જ્ઞાન એટલે રાગના અભાવરૂપ જ્ઞાન, તે મોક્ષમાર્ગ છે, તેમાં નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર આવી જાય છે. નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે ત્રણેય વિરાગ છે—રાગ વગરના છે. સ્વરૂપમાં સ્થિરતા થતાં રાગનો અભાવ થાય તેને ભગવાને વૈરાગ્ય કહ્યો છે; તેમાં તો સિદ્ધ ભગવાન જેવો અતીન્દ્રિય આનંદ છે, એમાં દુઃખ કે કષ્ટ કેવું? જેમાં દુઃખ કે કષ્ટ લાગે તે આર્ત્તધ્યાન છે, તે ધર્મ નથી. ધર્મમાં કષ્ટ ન હોય પણ આનંદ હોય. જેને દુઃખ દેખાય છે ને આનંદ નથી દેખાતો તેને પોતામાં ધર્મ થયો જ નથી, વીતરાગવિજ્ઞાન પ્રગટ્યું જ નથી. ધર્મને જે દુઃખરૂપ કે કષ્ટદાયક માને છે તેને ધર્મની અરુચિ છે, તે તો રાગને સુખરૂપ માનીને તેને રુચિથી સેવે છે.—આવા ઊંધા ભાવને લીધે જ જીવ સંસારમાં દુઃખી થઈ રહ્યો છે.

અરે, વીતરાગતામાં તે દુઃખ હોય? દુઃખ તો રાગમાં છે. વીતરાગતા તો આત્માનો સ્વભાવ છે, તેમાં તો પરમ સુખ છે. અહા, જ્ઞાન–વૈરાગ્યના બળથી જે પોતાના નિજઘરમાં ઠર્યા તેના અતીન્દ્રિય આનંદની શી વાત!—રાગ વડે તે આનંદ કલ્પનામાં ન આવી શકે.—જેવું સિદ્ધનું સુખ એવું જ આ સુખ...એમાં કષ્ટ કેવું ને કંટાળો કેવો!—ભલેને શરીરને સિંહ વાઘ ખાતા હોય! આવો આનંદ જેમાં ભર્યો છે તે સંવરતત્ત્વ છે. એને ઓળખે ને પોતામાં પ્રગટ કરે તો જ દુઃખ મટે ને ધર્મ થાય. આવા તત્ત્વના જ્ઞાન વગર સાચો ત્યાગ કે વૈરાગ્ય હોય નહિ. રાગાદિ બંધભાવને જે સારો માને તેને વિરાગજ્ઞાન હોતું નથી, ને વિરાગજ્ઞાન (વીતરાગવિજ્ઞાન) વગર આત્માનું હિત થાય નહિ. માટે હે જીવ! તું તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ ઓળખીને વીતરાગવિજ્ઞાન પ્રગટ કર.

### નિર્જરા અને મોક્ષતત્ત્વમાં અજ્ઞાનીની ભૂલ તથા મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ

रोके न चाह निजशक्ति खोय, शिवरूप निराकुलता न जोय।
याही प्रतीतिजुत कछुक ज्ञान, सो दुःखदायक अज्ञान जान।।७।।

કો દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો કરે,
તેથી બધાંયે દ્રવ્ય નિજ સ્વભાવથી ઊપજે ખરે. ૩૭૨.

આત્માનો સ્વભાવ નિરાકુળ આનંદથી ભરેલો અને ઈચ્છાના અભાવરૂપ છે; પણ એવા નિજસ્વભાવની શક્તિને અજ્ઞાની ખોઈ બેઠો છે—ભૂલી ગયો છે, તેથી તે ઈચ્છાને રોકતો નથી, એટલે કે ઈચ્છાના નિરોધરૂપ તપ—કે જેમાં આત્માના આનંદનો અનુભવ છે અને જે નિર્જરાનું કારણ છે તેને અજ્ઞાની ઓળખતો નથી; તે તો એમ માને છે કે અનાજ ન ખાધું માટે તપ થઈ ગયો ને નિર્જરા થઈ ગઈ;—પણ એવું તપનું કે નિર્જરાનું સ્વરૂપ નથી. અંતરના ધ્યાનવડે ચૈતન્યનું પ્રતપન થાય એટલે કે વિશેષ શુદ્ધતા થાય તે તપ અને નિર્જરા છે. અને નિરાકુળતારૂપ મોક્ષતત્ત્વ છે.—આવા નિર્જરા અને મોક્ષતત્ત્વને અજ્ઞાની ઓળખતો નથી ને વિપરીત માને છે.

એ રીતે (ગાથા ૨ થી ૭માં કહ્યું તે પ્રમાણે) સાતે તત્ત્વોમાં અજ્ઞાનીને વિપરીત પ્રતીતિ છે; આવી ઊંધી શ્રદ્ધાસહિતનું જે કાંઈ જાણપણું છે તે બધુંય અજ્ઞાન છે અને દુઃખદાયક છે, —એમ જાણીને તે છોડવા યોગ્ય છે.

પહેલી ઢાળમાં ચારગતિનાં જે મહા દુઃખો વર્ણવ્યા તેનું કારણ મિથ્યાશ્રદ્ધા—મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર છે, તેમાંથી તત્ત્વોની ઊંધી શ્રદ્ધા અને ઊંધા જ્ઞાનરૂપ મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ બતાવ્યું, અને હવે મિથ્યાચારિત્રનું સ્વરૂપ આઠમી ગાથામાં કહેશે.—શા માટે? કે તેને ઓળખીને છોડવા માટે.

ભાઈ, તારી નિજશક્તિ અપાર છે, તે ઈચ્છા વડે રોકાઈ છે; સ્વરૂપમાં ઠરતાં ઈચ્છા અટકે છે ને નિજશક્તિ ખીલે છે એનું નામ નિર્જરા છે ને તે મોક્ષનું કારણ છે. સંપૂર્ણ નિરાકુળ થતાં પૂર્ણ સુખરૂપ મોક્ષદશા પ્રગટે છે. 'હું જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા છું, પરમાં મારું સુખ નથી, શુભાશુભ ઈચ્છાઓ મારું સ્વરૂપ નથી,—એવી ઓળખાણ વગર ઈચ્છાઓ કદી રોકાય નહિ ને આનંદ કદી પ્રગટે નહિ. ઈચ્છા વગરનો આત્માનો સુખસ્વભાવ તેના અનુભવથી જ સંવર—નિર્જરા—મોક્ષ થાય છે. અજ્ઞાની શુભરાગ વડે કે દેહની ક્રિયાવડે સંવર-નિર્જરા-મોક્ષ થવાનું માને છે, તે ભૂલ છે.

મોક્ષના કારણરૂપ નિર્જરા સમ્યગ્દષ્ટિને જ થાય છે; બાકી અકામ-નિર્જરા તો અજ્ઞાનીનેય થાય છે, તેની આ વાત નથી. જ્ઞાન અને ઈચ્છા ભિન્ન છે, ઈચ્છા તે આત્મશાંતિથી વિરુદ્ધ છે, તેમાં આકુળતા છે. જેણે શુભરાગને મોક્ષનું સાધન માન્યું તેણે આકુળતાથી મોક્ષ માન્યો, નિરાકુળતારૂપ મોક્ષની તેને ખબર નથી. મોક્ષ તો સંપૂર્ણ નિરાકુળ છે; નિરાકુળતાનું કારણ પણ નિરાકુળભાવ જ હોય; કાંઈ આકુળતા તે

**રે ! પુદ્ગલો બહુવિધ નિંદા-સ્તુતિવચનરૂપ પરિણમે,**
**તેને સુણી, 'મુજને કહ્યું' ગણી, રોષ તોષ જીવો કરે. ૩૭૩.**

નિરાકુળતાનું કારણ ન હોય. શુભ ઈચ્છા તે પણ આકુળતા છે, તેને મોક્ષનું કારણ માનતાં કારણ–કાર્યમાં વિપરીતતા થાય છે. આવી વિપરીત શ્રદ્ધા ને વિપરીત જ્ઞાન જીવને દુઃખનાં કારણ થાય છે; માટે તેને છોડવા જોઈએ.

જીવ ઈચ્છા કરે અને પાછો તેમાં સુખ માને, તો તે ઈચ્છાને છોડીને શાંતસ્વભાવને ક્યારે અનુભવે? ઈચ્છા તો દુઃખ છે–'ક્યા ઈચ્છત? ખોવત સબૈ, હૈ ઈચ્છા દુઃખમૂલ.' અરે જીવ! તું તારા ચૈતન્ય-વૈભવને ભૂલ્યો ત્યારે તને પરમાંથી સુખ લેવાની ઈચ્છા થઈ. પણ ભાઈ, પરમાંથી સુખની ઈચ્છા કરતાં તારા સુખનો આખો ભંડાર ખોવાઈ જાય છે, ભૂલાઈ જાય છે, ને આત્મા દુઃખી થાય છે. પરમાં સુખ જ નથી, ચૈતન્યમાં જ સુખ છે–આમ સમજીને નિજસ્વરૂપમાં ઠરવું ને પરની ઈચ્છા રોકવી તે જ શાંતિ છે, તે જ નિર્જરા અને મોક્ષમાર્ગ છે.

જીવ–અજીવ વગેરે તત્ત્વને અજ્ઞાની ઓળખતો નથી, જાણે રૂપિયા વગર હું મરી જઈશ, શરીર વગર હું મરી જઈશ–એમ તે માને છે. અરે, પણ તું તો ચૈતન્યથી જીવનાર છો ને! સંયોગથી ને શરીરથી તો તું જુદો છો, ને તે તરફની ઈચ્છા વગર પણ તું જીવનાર છો. પર વગર હું જીવી નહીં શકું–એવી મિથ્યાબુદ્ધિથી તું ભાવમરણનાં દુઃખ ભોગવી રહ્યો છે. આવી ભૂલ જીવ અનાદિથી કરી રહ્યો છે ને તેના ફળનું દુઃખ પણ અનાદિથી તે ભોગવી રહ્યો છે. ભૂલ ટાળીને સુખી થવા માટેનો આ ઉપદેશ છે.

પોતાના સ્વરૂપની સમ્યક્શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાન વગર, શુભરાગરૂપ વ્યવહારક્રિયાઓ અને વ્યવહારનાં જાણપણાં જીવે અનંતવાર કર્યા પણ તે બધા મિથ્યા છે; મિથ્યાત્વપૂર્વક જીવ જે કાંઈ ભાવ કરે તે દુઃખદાયક જ છે. શ્રી બુદ્ધજનપંડિત રચિત એક બીજી છહઢાળા છે, તેમાં પણ કહે છે—

સમ્યક સહજ સ્વભાવ આપકા અનુભવ કરના,
યા બિન જપ–તપ વ્યર્થ કષ્ટકે માંહીં પડના;
કોટિ બાતકી બાત અરે! બુધજન ઉપર ધરના,
મનવચતન શુચિ હોય ગ્રહો જિનવૃષકા શરના.

કરોડો વાતનો સાર એ છે કે આત્માના સહજ સ્વભાવનો અનુભવ કરવો; એના વગરનું બધું વ્યર્થ છે.

**પુદ્‌ગલદરવ શબ્દત્વપરિણત, તેહનો ગુણ અન્ય છે,**
**તો નવ કહ્યું કંઈ પણ તને, હે અબુધ ! રોષ તું ક્યમ કરે ? ૩૭૪.**

જુઓ, સમયસાર વગેરે મહાન શાસ્ત્રોમાં તો આ વાત છે જ; પણ અગાઉના પંડિતોએ રચેલા આ છ ઢાળા જેવા પુસ્તકોમાં પણ એ જ વાત કરી છે. તે પંડિતોનું કથન પણ આચાર્યો–અનુસાર જ છે, તેમાં વીતરાગવિજ્ઞાનનું જ પોષણ છે. ચૈતન્યનું વીતરાગ-વિજ્ઞાન તે સુખરૂપ છે, ને એવા વીતરાગ-વિજ્ઞાનરૂપ ધર્મ સાધી સાધીને અનાદિ કાળથી જીવો મુક્ત થતા આવે છે. વીતરાગ-વિજ્ઞાનવંત જીવો જગતમાં સદાકાળ હોય જ છે.

આત્માને આનંદ જોઈએ છે ને? તો તે આનંદ ક્યાંય બહારમાં નથી, આત્મામાં જ આનંદ છે. માટે જ્ઞાની કહે છે કે 'હે જીવ! તું આત્મામાં ગમાડ...આત્મામાં સદા પ્રીતિવંત થા.' આત્માના જ્ઞાન વગરનું બધું દુઃખદાયક જ છે. સાત તત્ત્વોની બરાબર ઓળખાણ કરતાં તેમાં આત્માની ઓળખાણ આવી જાય છે.

(૧) જીવ સદા ઉપયોગલક્ષણરૂપ છે–'जीवो उवओगलक्खण णिच्चं' તે શરીરાદિ અજીવથી જુદું તત્ત્વ છે.

(૨) પુદ્ગલ વગેરે અજીવ તત્ત્વો છે, તેમનામાં જ્ઞાન નથી. આ જીવ અને અજીવ બંનેનાં કામ જુદાં, પોતપોતામાં છે.

(૩) મિથ્યાત્વાદિ ભાવો છે તે આસ્રવ છે; પુણ્ય–પાપ બંને પણ આસ્રવમાં સમાય છે. તે આસ્રવભાવો જીવને દુઃખદાયક છે.

(૪) સમ્યગ્દર્શનાદિ વીતરાગભાવ વડે કર્મનો સંવર થાય છે. તે સમ્યગ્દર્શનાદિ ભાવો જીવને સુખરૂપ છે, મોક્ષનાં કારણ છે.

(૫) મિથ્યાત્વાદિ ભાવો તે બંધના કારણ છે; શુભરાગ તે પણ બંધનું કારણ છે, તે મોક્ષનું કારણ નથી.

(૬) સમ્યગ્દર્શનપૂર્વકની શુદ્ધતાથી કર્મોની નિર્જરા થાય છે.

(૭) આત્માની પૂર્ણ શુદ્ધતા થતાં આકુળતાનો સર્વથા અભાવ થવો ને કર્મોથી આત્માનું છૂટી જવું તે મોક્ષતત્ત્વ છે. તે પૂર્ણ સુખરૂપ છે.

આ પ્રમાણે સાત તત્ત્વોને ઓળખીને તેમાંથી સમ્યગ્દર્શનાદિ સુખનાં કારણોને ગ્રહણ કરવાં ને દુઃખનાં કારણરૂપ મિથ્યાત્વાદિને છોડવાં, તે માટે આ ઉપદેશ છે. આવું યથાર્થ તત્ત્વશ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે, ને સમ્યગ્દર્શન તે મોક્ષનું મૂળ છે. (ક્રમશઃ) ❊

**શુભ કે અશુભ જે શબ્દ તે 'તું સુણ મને' ન તને કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે કર્ણગોચર શબ્દને; ૩૭૫.**



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

## જ્ઞાન અધિકાર

જ્ઞાન લોકાલોક સર્વ જ્ઞેયને જાણે. દરેક જીવનો જાણવાનો સ્વભાવ છે. કોઈને કરે નહિ, ટાળે નહિ, કોઈનું લ્યે નહિ. કોઈને કાંઈ આપી શકે નહિ. લોકાલોકને જાણે એવું જ્ઞાનનું સામર્થ્ય છે. રાગને ટાળવો અથવા રાખવો એવી શક્તિ જ્ઞાનની નથી, પરંતુ જાણવું તે જ જ્ઞાનની શક્તિ છે. જ્ઞાતા રહે ત્યાં રાગ ટળી જાય છે. રાગને ટાળવો પડતો નથી.

દેહ દીઠ દરેક આત્મા સદાય જ્ઞાનનો પિંડ છે. સર્વજ્ઞસ્વભાવી છે. છતાં વર્તમાન સંસાર અવસ્થામાં પોતાના અપરાધથી અજ્ઞાનરૂપ થઈ રહ્યો છે. તોપણ ત્રણ કાળ-ત્રણ લોકને જાણવાની તેની શક્તિ જતી નથી. બીજાનો મહિમા કરે પણ આ ચિદાનંદ પૂર્ણ સ્વભાવ કોઈથી નાશ ન પામે એવી શક્તિ કાયમ છે, તેનો મહિમા તો કર! જેમ સૂર્યને વાદળાંનું આવરણ આવે તેથી સૂર્યનો પ્રકાશ ન જાય, તેમ જ્ઞાનાવરણથી જ્ઞાન ન જાય—નાશ ન થાય. જ્ઞાનનું જ્ઞાનરૂપે થવું તે અનુભવ છે.

શ્રી સમયસારમાં કહ્યું છે કે :—

જ્ઞાનનું જ્ઞાનરૂપે થવું તે સમ્યગ્જ્ઞાન છે,

જ્ઞાનનું સમ્યક્ત્વરૂપે થવું તે સમ્યગ્દર્શન છે.

જ્ઞાનનું સ્થિરરૂપે થવું તે સમ્યક્ચારિત્ર છે.

આત્મા ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે તેનાં શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા કર, તેમાં બધા ઉકેલ આવી જાય છે. તારી ચૈતન્યશક્તિ પડી છે. તેમાં એકાગ્ર થઈને તેને ખોલ. જુઓ, જ્ઞાનની તાકાત એવી છે કે અનંત ગુણોને વ્યક્ત જાણે. જ્ઞાન વિના જ્ઞેયો જણાય નહિ. ચૈતન્યના પ્રકાશમાં જ બધાં જ્ઞેયો જણાય છે. ‘‘અમે છીએ’’ એમ પોતાના અસ્તિત્વનું

શુભ કે અશુભ જે રૂપ તે ‘તું જો મને’ ન તને કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે ચક્ષુગોચર રૂપને; ૩૭૬.

ભાન જડને નથી, તેને પ્રકાશનારું તો જ્ઞાન છે, જ્ઞાન જાણનાર છે ને જ્ઞેયો જણાવા યોગ્ય છે. જ્ઞાન વગર જ્ઞેયોને જાણે કોણ? માટે જ્ઞાનની પ્રધાનતા કહી છે. આત્મા અનંત ગુણસ્વરૂપ વસ્તુ છે, પણ તેનો જ્ઞાનગુણ અસાધારણ છે તેથી જ્ઞાનમાત્ર કહ્યો છે. જ્ઞાન વિના આત્માને નક્કી કોણ કરત? સમયસાર વગેરે ગ્રંથોમાં આત્માને જ્ઞાનમાત્ર જ કહ્યો છે :–

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत् करोति किम् ।
परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम् ।।

ભગવાન આત્મા જ્ઞાન છે, પોતે જ જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન અનંત ગુણોમાં વ્યાપીને રહ્યું છે. આવા જ્ઞાનસ્વરૂપ લક્ષણ વડે આત્માની પ્રસિદ્ધિ થાય છે, માટે આત્માને જ્ઞાનમાત્ર કહીને ઓળખાવ્યો છે. જેમ મંદિરને ‘‘ધોળું મંદિર’’ એમ કહીને ઓળખાવવામાં આવે છે, હવે ત્યાં મંદિરમાં બીજા પણ રંગો તો છે, પણ દૂરથી શ્વેતરંગની મુખ્યતા ભાસે છે, તેથી શ્વેતરંગની પ્રધાનતા વડે મંદિરને ઓળખાવે છે. તેમ આત્મામાં અનંત ગુણો છે પણ તેમાં જ્ઞાનગુણ વડે આત્મા ઓળખાય છે. માટે આત્માને જ્ઞાનમાત્ર કહ્યો છે. ભગવાન આત્મા જ્ઞાન વડે પોતે પોતાથી જણાય છે. જ્ઞાન પ્રસિદ્ધ છે, માટે તેના વડે આત્મા ઓળખાવ્યો છે.

વળી એકેક ગુણમાં અનંત શક્તિ છે. એક ગુણ બીજા અનંતગુણોમાં વ્યાપક છે. જ્ઞાનસ્વરૂપને નક્કી કરવું તેનું નામ ધર્મ છે. એક સમયમાં ત્રણકાળ–ત્રણલોકને જાણવાની તાકાત છે. તેને પ્રતીતમાં લઈને એકાગ્ર થતાં એક સમયમાં ત્રણકાળ–ત્રણલોકને જાણે એવી તાકાત પર્યાયમાં ખીલી જાય છે.

વસ્તુનો જેવો સ્વભાવ હોય તેવો જ્ઞાન જાણે છે, પણ ત્યાં ‘‘હું આ કરું છું’’ એમ ભ્રમથી અજ્ઞાની માને છે. જમણા પછી ડાબો ઊપડશે એમ જ્ઞાન જાણે છે, પણ ‘‘મેં પગ ઉપાડ્યો.’’ એમ અજ્ઞાની ભ્રમથી માને છે. જ્ઞાનના સ્વભાવને તે જાણતો નથી. આત્મામાં અનંત ગુણો છે ને એકેક ગુણની અનંત શક્તિઓ છે, ગુણની પર્યાયો અનેક છે–એ બધાને જ્ઞાન જાણે છે. સામાન્યપણે વસ્તુ એક છે ને તેના ગુણ-પર્યાયો અનેક છે–એમ જ્ઞાન બધાને જાણે એવી તેની તાકાત છે. શ્રદ્ધાનો પ્રતીત કરવાનો સ્વભાવ, ચારિત્રનો ઠરવાનો સ્વભાવ, જ્ઞાનનો જાણવાનો સ્વભાવ, અગ્નિનો ઉષ્ણ સ્વભાવ, એમ

**શુભ કે અશુભ જે ગંધ તે ‘તું સૂંઘ મુજને’ નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે ઘ્રાણગોચર ગંધને; ૩૭૭.**

જ્ઞાન જાણે છે, આવા જ્ઞાનસ્વભાવને નક્કી કરે તો તેને અનુભવ થયા વિના રહે નહિ.

આત્માને જ્ઞાનની પ્રધાનતાથી ''જ્ઞાયક'' તરીકે વર્ણવ્યો છે. આત્મા જ્ઞાયક છે. જ્ઞાન સર્વને જાણનાર છે. જ્ઞાન સર્વ વસ્તુસ્વરૂપનો નિર્ણય કરે છે. શ્રદ્ધા તો નિર્વિકલ્પ પ્રતીતિરૂપ છે. તેને જાણનારું જ્ઞાન છે. એ રીતે અનંત ગુણોમાં જ્ઞાનગુણની પ્રધાનતા છે. જ્ઞાન વડે સ્વસંવેદન થાય છે. આત્માનું સ્વસંવેદન થતાં પ્રથમ જ્ઞાનનો અંશ શુદ્ધ થયો. ચોથા ગુણસ્થાને જ્ઞાનનું સ્વસંવેદન પ્રગટ્યું તે સમ્યક્ મતિ–શ્રુતજ્ઞાન છે, તે અંશ છે અને તેનો પૂર્ણ વિકાસ થતાં પૂર્ણ લોકાલોકને જાણે એવું સામર્થ્ય પ્રગટે છે. સ્વાનુભવ તરફ જે અંશ વળ્યો તે વધીને કેવળજ્ઞાન થાય છે. રાગ વડે કેવળજ્ઞાન થતું નથી. પર જ્ઞેયો છે માટે જ્ઞાન તેને જાણે છે—એમ નથી, પણ જ્ઞાનપર્યાય પોતે તેવા જ્ઞેયાકારરૂપે થાય છે. પરજ્ઞેયો કાંઈ જ્ઞાનમાં આવતાં નથી. શબ્દાદિ પરજ્ઞેયોને લીધે જ્ઞાનપર્યાય થતી નથી. મતિ-શ્રુતજ્ઞાન હો કે કેવળજ્ઞાન પર્યાય હો, તે દરેક જ્ઞાન પોતાની જ્ઞાનપર્યાયથી જ છે, પરને લીધે તે જ્ઞાન નથી.

જ્ઞેય નાશ થતાં જ્ઞાન નાશ પામે એમ નથી. રાગ થયો, રાગનું જ્ઞાન થયું, છતાં જ્ઞાનની પર્યાયમાં રાગનો ખ્યાલ અને રાગ તે હું નહિ એમ જ્ઞાનનો ખ્યાલ રહે છે, માટે જ્ઞેયના કારણે જ્ઞાન નથી.

જેટલાં જ્ઞેયો જાણવામાં આવે છે તેટલા ભેદજ્ઞાનની પર્યાયમાં પડે છે તે જ્ઞાનના કારણે છે. રાગ અને પરજ્ઞેયો જણાય તેથી જ્ઞાનનું અસ્તિત્વ નથી. જ્ઞાન તો જ્ઞાનસ્વભાવથી જ થાય છે. અનેક જ્ઞેયો છે માટે જ્ઞાન અનેક ભેદરૂપ થયું નથી. સ્વ-પરપ્રકાશક સ્વભાવના અસ્તિત્વથી જ જ્ઞાન અનેક પ્રકારને જાણે છે. દયા, દાન, ભક્તિ, વ્યવહારરત્નત્રયના વિકલ્પ આદિ અનેક પ્રકારને જાણવારૂપ જ્ઞાનની અવસ્થા થાય છે, તે જ્ઞાનના કારણે છે. રાગના કારણે અનેક પ્રકાર નથી. કર્મના ઉદયના કારણે અનેક પ્રકાર નથી.

(ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૫ થી ચાલુ) (સમયસાર પ્રવચન)

થયું છે એનો જીવ શું કરે છે ?—કે જે રાગ આવે છે તેને જાણે છે. ચૈતન્ય ભગવાન જ્ઞાનનો પ્રકાશપુંજ છે તે જ્ઞાનને પ્રકાશે કે રાગને કરે ને વેદે ? જ્ઞાનપરિણત જીવ રાગને ને બંધને દૂર રહીને જાણે છે. બંધ પણ અસ્તિ તરીકે છે, નથી એમ નથી, પણ ચોથા ગુણસ્થાનવાળો ધર્મી જીવ રાગના ભાવને ને બંને દૂર રહીને જાણે છે. બંધ પણ અસ્તિ તરીકે છે, નથી એમ નથી, પણ ચોથા ગુણસ્થાનવાળો ધર્મી જીવ રાગના ભાવને ને બંધને દૂર રહીને જાણે છે, એમાં ભળીને કરે ને વેદે નહિ. એમાં ભળે તો કરે ને વેદે—એ તો મિથ્યાદષ્ટિ છે. *(ક્રમશઃ)* ❊

# તું મોક્ષપંથે આવ

શ્રીગુરુ શિખામણ આપે છે કે હે ભવ્ય! આત્માના અનુભવ માટે સાવધાન થાજે....શૂરવીર થાજે..જગતની પ્રતિકૂળતા દેખીને કાયર થઈશ નહિ...પ્રતિકૂળતા સામે ન જોઈશ, શુદ્ધ આત્માના આનંદ સામે જોજે. શૂરવીર થઈને–ઉદ્યમી થઈને આનંદનો અનુભવ કરજે. 'હરિનો મારગ છે શૂરાનો....' તે પ્રતિકૂળતામાં કે પુણ્યની મીઠાશમાં ક્યાંય અટકતા નથી; એને એક પોતાના આત્માર્થનું જ કામ છે. તે ભેદજ્ઞાનવડે આત્માને બંધનથી સર્વથા પ્રકારે જુદો અનુભવે છે. આવો અનુભવ કરવાનો આ અવસર છે–ભાઈ! તેમાં શાંતિથી તારી ચેતનાને અંતરમાં એકાગ્ર કરીને ત્રિકાળી ચૈતન્યપ્રવાહરૂપ આત્મામાં મગ્ન કર....ને રાગાદિ સમસ્ત બંધભાવોને ચેતનથી જુદા અજ્ઞાનરૂપ જાણ. આમ સર્વ પ્રકારે ભેદજ્ઞાન કરીને તારા એકરૂપ શુદ્ધ આત્માને સાધ. મોક્ષને સાધવાનો આ અવસર છે.

અહો, વીતરાગના મારગડા....જગતથી જુદા છે. જગતના ભાગ્ય છે તે સંતોએ આવો મારગ પ્રસિદ્ધ કર્યો છે. આવો મારગ પામીને હે જીવ! ભેદજ્ઞાન વડે શુદ્ધ આત્માને અનુભવમાં લઈને તું મોક્ષપંથે આવ.



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—શાસ્ત્રથી આત્માને જાણ્યો અને પછી પરિણામ આત્મામાં મગ્ન થયા તે બેમાં આત્માને જાણવામાં શું ફેર છે?**

ઉત્તર :—અનંત ગુણો ફેર છે. શાસ્ત્રથી જાણપણું કર્યું એ તો સાધારણ ધારણારૂપ જાણપણું છે અને આત્મામાં મગ્ન થઈ અનુભવમાં તો આત્માને પ્રત્યક્ષ વેદનથી જાણે છે,તેથી એ બેમાં મોટો ફેર છે.

**પ્રશ્ન :—સમયસાર જેવા મહાન અધ્યાત્મશાસ્ત્ર વાંચી—સાંભળીને પણ કોઈ આગળ કેમ વધતા નથી?**

ઉત્તર :—ક્રિયાકાંડની દૃષ્ટિવાળાને એમ લાગે કે સમયસાર સાંભળે છે પણ કોઈ આગળ વધતાં નથી. બાહ્ય ત્યાગ-તપ-વ્રત આદિ ક્રિયા કરે તો તેને આગળ વધ્યા દેખાય, પણ ભાઈ! સમયસાર સાંભળીને પરદ્રવ્યની ભિન્નતા, પરદ્રવ્યનું અકર્તાપણું, રાગાદિ ભાવોમાં હેયબુદ્ધિ ને અંદર પડેલી પરમાત્મશક્તિનું ઉપાદેયપણું નિરંતર એના શ્રદ્ધા–જ્ઞાનમાં ઘૂંટાય છે એ એના શ્રદ્ધા-જ્ઞાનનો સુધારો થાય છે તે આગળ વધ્યા નથી? અંદર શ્રદ્ધા–જ્ઞાનમાં સત્યના સંસ્કાર પડે છે તે આગળ વધે છે. શ્રદ્ધા–જ્ઞાનને સાચા કર્યા વિનાના જે ત્યાગ–તપ–વ્રત આદિ કરે છે તેને આત્માનુશાસનકાર તો કહે છે કે આત્મભાન વિનાનો બાહ્ય ત્યાગ આદિ છે તે અજ્ઞાનીને અંતરંગ બળતરા છે. અંતરંગ મિથ્યાત્વના ત્યાગ વિનાના બાહ્ય ત્યાગને સાચો ત્યાગ કહેતા નથી. અંદરમાં શ્રદ્ધા–જ્ઞાન–સ્વરૂપાચરણચારિત્રમાં જે સુધારો થાય છે તે જ સાચો સુધારો છે. પણ બાહ્ય દૃષ્ટિના આગ્રહવાળાને તે દેખાતા નથી.

**પ્રશ્ન :—એકલા દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવાથી નિશ્ચયાભાસી થઈ જાય?**

ઉત્તર :—ના, દ્રવ્યાનુયોગના અભ્યાસથી નિશ્ચયાભાસી ન થાય પણ વ્યવહાર છે જ નહિ તેમ નિષેધ કરે તો નિશ્ચયાભાસી થઈ જાય, એથી તો કહ્યું છે કે જેને નિશ્ચયનો અતિરેક હોય તેણે વ્યવહાર ગ્રહણ કરવો અને જેને વ્યવહારનો અતિરેક હોય તેણે નિશ્ચયને ગ્રહણ કરવો.

**શુભ કે અશુભ રસ જેહ તે ‘તું ચાખ મુજને’ નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે રસનગોચર રસ અરે! ૩૭૮.**

પ્રશ્ન :—જે મુનિ આહારક શરીર બાંધે તેને તે ઉદયમાં આવે જ–એવો નિયમ છે?

ઉત્તર :—ના; કોઈ મુનિ આહારકશરીર–નામકર્મ બાંધે પણ તેના ઉદયનો એટલે કે આહારક શરીરની રચનાનો પ્રસંગ કદી ન આવે, વચ્ચેથી જ તે પ્રકૃતિનો છેદ કરીને મોક્ષ પામી જાય. પરંતુ તીર્થંકરનામકર્મમાં એવું ન બને, તીર્થંકરનામકર્મ તો જેને બંધાય તે જીવને નિયમથી તે ઉદયમાં આવે જ.

આહારકશરીર–પ્રકૃતિ સાતમા કે આઠમા ગુણસ્થાને બંધાય છે છઠ્ઠા ગુણસ્થાને ઉદયમાં આવે છે. કોઈ જીવ ક્ષપકશ્રેણી વખતે આહારકશરીર બાંધે ને સીધો કેવળજ્ઞાન પામે, છઠ્ઠે ગુણસ્થાને પાછો આવે જ નહિ એટલે તેને આહારકશરીરની રચનાનો પ્રસંગ ન આવે. છઠ્ઠા ગુણસ્થાને આહારકશરીરની રચનાવાળા મુનિવરો એક સાથે વધુમાં વધુ (૫૪) ચોપન હોય છે.

પ્રશ્ન :—અગિયાર અંગધારી દ્રવ્યલિંગીની શું ભૂલ રહી જાય છે?

ઉત્તર :—સ્વસન્મુખ દૃષ્ટિ કરતો નથી અતીન્દ્રિય પ્રભુની સન્મુખ દૃષ્ટિ કરતો નથી.

પ્રશ્ન :—દ્રવ્યલિંગી સ્વસન્મુખનો પ્રયત્ન કરતો નહિ હોય?

ઉત્તર :—ના, તેને ધારણામાં બધી વાતો આવે છે પણ અંતરમુખનો પ્રયત્ન કરતો નથી.

પ્રશ્ન :—દ્રવ્યલિંગીની ભૂમિકા કરતા સમ્યક્ સન્મુખની ભૂમિકા કંઈક ઠીક છે?

ઉત્તર :—હા, દ્રવ્યલિંગી તો સંતોષાઈ ગયો છે અને સમ્યક્ સન્મુખવાળો તો પ્રયત્ન કરે છે.

પ્રશ્ન :—મુનિને આહારની વૃત્તિ ઊઠે છે છતાં મુનિદશા રહે છે, તેમ મુનિને વસ્ત્ર રાખવાની વૃત્તિ ઊઠે તો તેમાં શું દોષ છે?

ઉત્તર :—મુનિને આહારની વૃત્તિ ઊઠે છે તે સંયમના હેતુથી શરીરના નિભાવ માટે છે અને વસ્ત્ર રાખવાનો ભાવ છે તે શરીરનું મમત્વ બતાવે છે તેથી વસ્ત્ર રાખવાની વૃત્તિથી મુનિદશા રહેતી નથી.

પ્રશ્ન :—દ્રવ્યલિંગી શુદ્ધાત્માનું ચિંતવન નહિ કરતો હોય?

ઉત્તર :—શુદ્ધાત્માનું ચિંતવન તો કરે પણ આત્મમય થઈને કરતો નથી.

**શુભ કે અશુભ જે સ્પર્શ તે 'તું સ્પર્શ મુજને' નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે કાયગોચર સ્પર્શને; ૩૭૯.**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન* :—આપ કહો છો ત્યારે સહેલું લાગે છે પણ પ્રયત્ન કરીએ ત્યારે અઘરું લાગે છે અને થતું નથી. તો શું કરવું?

**સમાધાન** :—ધીરજથી કરવાનું છે. ન થાય તો મૂંઝાવું નહિ. જ્ઞાયકની ભાવના, જ્ઞાયકનું વારંવાર રટણ, ને જ્ઞાયકના વિચાર કરવા પણ મૂંઝાવું નહિ. તેમાં ઉતાવળ કરીને કાંઈ બીજું કરવાનો અર્થ નથી. અનાદિનો એકત્વનો અભ્યાસ છે એટલે અઘરું લાગે છે પણ સ્વભાવ તો પોતાનો જ છે તેથી અઘરું નથી, એકત્વબુદ્ધિને લઈને અઘરું થઈ પડ્યું છે.

પોતાનો સ્વભાવ સમીપ છે. બહાર ગોતવા જવું પડે તેમ નથી. પરાધીન નથી. કોઈ આપે તો થાય એવું પણ નથી. પોતાની આગળ છે પણ પોતાના પુરુષાર્થની ખામીને લઈને થતું નથી. દૃષ્ટિ એટલી બધી બહાર થઈ ગઈ છે કે અંતરમાં જઈ શકતો નથી અને સ્થૂલતામાં ચાલ્યો જાય છે.

*પ્રશ્ન* :—જ્ઞાનીને ઓળખવા કઈ રીતે? મુમુક્ષુની ભૂમિકામાં એક ક્ષયોપશમ જ્ઞાનવાળો હોય અને એક સાચા આત્મજ્ઞાની હોય. તે બંનેને મુમુક્ષુ કઈ રીતે ઓળખે? બંને વચ્ચે અંતર કેમ પાડે?

**સમાધાન** :—બંનેનો પરિચય કરવાથી તથા અંતર ઓળખવાથી તફાવત ખ્યાલમાં આવી શકે છે.

સાચો મુમુક્ષુ હોય તેનાં હૃદયનેત્રો એવાં થઈ ગયાં હોય છે કે જ્ઞાનીની અપૂર્વ, અંતરમાંથી ભીંજાયેલી, ક્ષણે ક્ષણે ભેદજ્ઞાન પાડતી તથા અનુભવમાંથી નીકળતી આત્મસ્પર્શી વાણીને ગ્રહણ કરી શકે છે. તેનાં હૃદયનેત્રો તેવી જાતના ભાવને ગ્રહણ કરવા યોગ્ય થઈ ગયા હોય છે.

જ્ઞાનીનું ક્ષયોપશમ જ્ઞાન હોય પણ તે અનુભૂતિવાળું જ્ઞાન છે. જ્ઞાની અંતરથી બોલતા હોય તે જુદું જ નીકળતું હોય છે. જેમ કે પૂજ્ય ગુરુદેવ કહેતા હોય, ''તું જુદો છે—

શુભ કે અશુભ જે ગુણ તે 'તું જાણ મુજને' નવ કહે,<br>
ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર ગુણને; ૩૮૦.

જુદો છે, આ તારું નથી'' એમ જે અનુભવમાંથી બોલે તેની ભાષા, તેનો વળાંક જુદો હોય છે.

જે માત્ર ક્ષયોપશમથી બોલે છે અને અંતરમાં સ્વાનુભૂતિ નથી તેની વાણીનું વજન ક્યાં જાય છે? તેની પરિણતિ શું કામ કરે છે? અર્થાત્ તેના અંતરની કઈ જાતની દિશા છે? હૃદય કઈ જાતનું ભીંજાયેલું છે અને વાણી કઈ રીતે નીકળે છે તે, તેનામાં જો મુમુક્ષુતા હોય અને વિશેષ પરિચય કરે તો, ઓળખી શકે છે. માત્ર ક્ષયોપશમ જ્ઞાનથી જે વાણી નીકળતી હોય તે જુદી જ રીતે નીકળે છે. ક્ષયોપશમથી બોલે તેની ભાષા અને વળાંક અમુક પ્રકારનો આવતો હોય છે. આમ બંનેનું અંતર મુમુક્ષુ હોય તે અંદરથી ગ્રહણ કરી લે છે.

*પ્રશ્ન* :—શ્રીમદ્જીએ અનેક જગ્યાએ લખ્યું છે કે જીવને આત્મપ્રાપ્તિ નહિ થવામાં મૂળ કારણ તેની સ્વચ્છંદતા છે, તો સ્વચ્છંદતામાં શું કહેવું છે?

**સમાધાન** :—સ્વચ્છંદી જીવ પોતાની મતિ-કલ્પનાથી માર્ગનો નિર્ણય કરી લે છે કે માર્ગ આમ જ હોય, હું જે માનું છું તે સાચું જ છે. કાં બહુ શાસ્ત્ર-અભ્યાસ કર્યો હોય તો, શાસ્ત્રમાં આ રીતે આવે છે, આત્મા આમ જ હોય તેમ પોતાની મતિથી જે નક્કી કર્યું હોય ત્યાં ને ત્યાં સ્વચ્છંદવૃત્તિથી અટકી જાય છે અથવા ગમે ત્યાં અટકતો હોય, પણ તેને કોઈને પૂછવાનું રહેતું નથી, કારણ કે હું બધું જાણું છું, મને બધું આવડે છે તેમ તેને થઈ જાય છે.

જેણે માર્ગ જાણ્યો છે તેવા અનુભૂતિવાળા જ્ઞાનીઓ શું કહે છે તે જોવાનો અવકાશ તેને રહેતો નથી અને જેને મતિ-કલ્પના ન હોય તેને અવકાશ રહે છે કે વિશેષ જાણનાર કોણ છે અને તેઓ શું કહે છે.

ગૌતમસ્વામી—ઈન્દ્રભૂતિ વેદાંતમાં માનતા હતા. ઈન્દ્રે આવીને તેની પરીક્ષા કરી. તેની એટલી તૈયારી હતી કે આ શું કહે છે? તેને આશ્ચર્ય લાગ્યું કે મને તો એટલું બધું આવડતું હોવા છતાં આ તો હું નથી જાણતો! આ જે પ્રશ્ન પૂછે છે કે દ્રવ્ય કેટલા...(ઈત્યાદિ) તે મને કાંઈ આવડતું કેમ નથી? હું તો એમ માનતો હતો કે હું સર્વજ્ઞ છું....આમ આશ્ચર્ય લાગ્યું તેથી ત્યાં (ભગવાન પાસે) જવાની તૈયારી કરી. એટલી અંદરમાંથી યોગ્યતા થઈ કે હું નથી જાણતો, તો ત્યાં જવાનો અવકાશ રહ્યો. પણ હું બધું જ જાણું છું તેમ માનતો હોય તેને કાંઈ અવકાશ રહેતો નથી.

**શુભ કે અશુભ જે દ્રવ્ય તે 'તું જાણ મુજને' નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર દ્રવ્યને. ૩૮૧.**

## બાળ વિભાગ

# પુણ્ય-પાપની વિચિત્રતા

(શ્રી મહાવીરસ્વામીના સમયમાં શ્રી જમ્બૂસ્વામીના પહેલા થયેલ કામદેવ પદવીના ધારક, તદ્ભવ મોક્ષગામી શ્રી જીવંધરસ્વામીનું ચરિત્ર)

રાજપુરી નગરીના રાજા સત્યંધરે પોતાનું રાજ્ય મંત્રી કાષ્ઠાંગારને સોપી દઈ ભોગમાં લીન બન્યા. આ બાજુ મંત્રીને ખોટો વિચાર આવવાથી રાજાને બંદી બનાવવાનો આદેશ કર્યો. રાજાને આ વાતની જાણ થતા કેકીયંત્રમાં ગર્ભસ્થ રાણીને બેસાડી આકાશમાર્ગે રવાના કરી દીધી. કેકીયંત્રે રાણીને સ્મશાનભૂમિમાં પહોંચાડી દીધી જ્યાં જીવંધરનો જન્મ થયો. દૈવયોગે એક દેવી આવીને રાણીને આશ્વાસન આપે છે કે તમારા પુત્રનું લાલન-પાલન રાજકુમાર ઉચિત થશે. જીવંધરના પુણ્યયોગે તે જ સમયે ગંધોત્કટ શેઠ કે જે પોતાના મૃત પુત્રના અંતિમ સંસ્કાર માટે આવેલા અને અવધિજ્ઞાની મુનિના કથન અનુસાર તેમને જીવંધરની પ્રાપ્તિ થાય છે અને તેઓ ઘરે આવીને પુત્રને સુનંદા શેઠાણીને આપે છે અને જીવંધર ચંદ્રમાની જેમ વૃદ્ધિ પામવા લાગ્યા. આર્યનંદી નામના મુનિ કે જેમને ભસ્મક રોગ થવાથી ક્ષુધારોગના શમન માટે ગંધોત્કટ શેઠની ભોજનશાળામાં આવે છે અને બધું જ ભોજન ખાઈ લે છે છતાં તૃપ્ત ન થતા જીવંધર પોતાના ભોજનમાંથી અમુક ભોજન આપે છે જેનો એક ગ્રાસ ખાવા માત્રથી રોગનું શમન થઈ જાય છે અને તેના ઉપકારનો બદલો વાળવા જીવંધરને વિદ્વાન બનાવવાનો નિર્ણય કરે છે. પુણ્યોદયથી જીવંધર સ્વયંવરમાં ગંધર્વદત્તાને વીણાવાદનમાં જીતી વિજયી થયા. એક વાર એક કૂતરાએ યજ્ઞ સામગ્રી જૂઠી કરી જેથી લોકો તેને મારતા હતા અર્ધમૃત અવસ્થામાં જીવંધર તેને ણમોકાર મંત્ર સંભળાવે છે મરીને તે યક્ષેન્દ્ર થાય છે અને તકલીફના સમયે યાદ કરશો તો ઉપસ્થિત થઈ જઈશ એવું જીવંધરને વચન આપે છે..... આગળ

આ બાજુ જલક્રીડા માટે બે સખીઓ સુરમંજરી અને ગુણમાલા પણ આવી હતી. તેમની પાસે એક વિશેષ પ્રકારનું ચૂર્ણ હતું જેની શ્રેષ્ઠતા માટે તે બંનેમાં આપસમાં વિવાદ થઈ ગયો. વિવાદ ખતમ કરવા માટે એ નક્કી થયું કે જેનું ચૂર્ણ ઉત્કૃષ્ટ નહિ હોય તે નદીમાં સ્નાન કર્યા વિના જ ઘરે પાછી ફરશે. ચૂર્ણનું ઘણાએ પરીક્ષણ કર્યું પણ કોઈ સાચા નિર્ણય પર ન પહોંચી શક્યા. છેવટે અંતમાં જીવંધરકુમારે પ્રત્યક્ષ પરીક્ષણ કરી ગુણમાલાના ચંદ્રોદય નામના ચૂર્ણને સર્વોત્તમ સિદ્ધ કરી દીધું. નિર્ણય જાણીને સુરમંજરી અત્યંત દુઃખી થઈ. ગુણમાલાના અનુનય—વિનય કરવા છતાં સ્નાન કર્યા વિના જ મહેલમાં પાછી ફરી.

ગુણમાલા નદીમાં સ્નાન કર્યા બાદ જ્યારે ઘર પાછી ફરી રહી હતી. તે માર્ગમાં એક મદોન્મત્ત હાથીના ઘેરામાં આવી ગઈ. આ જોઈને જીવંધરકુમારે પોતાના કુંડલથી

—આ જાણીને પણ મૂઢ જીવ પામે નહીં ઉપશમ અરે !
શિવ બુદ્ધિને પામેલ નહિ એ પર ગ્રહણ કરવા ચહે. ૩૮૨.

તાડિત કરી હાથીને વશમાં કરી લીધો અને ગુણમાલાને સંકટથી મુક્ત કરી. એકાએક ગુણમાલા અને જીવંધરકુમારમાં પરસ્પર સ્નેહ થઈ ગયો. માટે તેમના માતા-પિતાએ તે બંનોનો ઉત્સાહપૂર્વક વિવાહ સંપન્ન કરાવ્યો.

કુંડલ દ્વારા હાથીને વશ કરવાના કારણે કાષ્ઠાંગાર જીવંધર પ્રતિ ખૂબ જ અપ્રસન્ન–ક્રોધિત હતો, કારણ કે તે મદોન્મત્ત હાથી તેનો હતો અને અપમાનિત હાથીએ ખાવા–પીવાનું છોડી દીધું. કાષ્ઠાંગરે જીવંધરને બંદી બનાવવા માટે ગંધોત્કટના ઘરે સેના મોકલી. જીવંધરકુમાર સેનાથી યુદ્ધ કરવા ચાહતો હતો, પણ શેઠ ગંધોત્કટે જીવંધરકુમારને યુદ્ધ કરવાથી રોકી દીધો અને તેમણે પોતે જ જીવંધરકુમારના હાથ બાંધીને કાષ્ઠાંગરની પાસે મોકલી દીધો. જીવંધરકુમારના બાંધેલા હાથ જોઈને ક્રોધી કાષ્ઠાંગારે જીવંધરકુમારને મારવા માટે સેનાને આદેશ કર્યો. જીવંધરકુમારે યક્ષેન્દ્રનું સ્મરણ કર્યું. સ્મરણ કરતાં જ યક્ષેન્દ્ર ઉપસ્થિત થઈ ગયા અને જીવંધરકુમારને પોતાની સાથે ચંદ્રોદય પર્વત પર લઈ ગયા અને ત્યાં પર વિશેષ આદર સત્કાર કર્યો અને ત્રણ મંત્ર આપ્યા–ઈચ્છાનુસાર વેષ બદલવાની શક્તિ હતી. બીજા મંત્રમાં ગીત ગાવાની શક્તિ હતી તથા ત્રીજા મંત્રમાં હળાહળ વિષને દૂર કરવાની શક્તિ હતી. અને કહ્યું કે —''તમે એક વર્ષમાં પોતાનું રાજ્ય પ્રાપ્ત કરશો અને રાજ્ય સુખ ભોગવીને આ જ ભવથી મોક્ષ પ્રાપ્ત કરશો.''

ચંદ્રોદય પર્વતથી જીવંધરકુમાર તીર્થ વંદના માટે નિકળ્યા, માર્ગમાં જુએ છે કે જંગલમાં ભયંકર દાવાનળ લાગ્યો છે, તેમાં હાથીઓનો સમૂહને બળતો જોઈ તેમની રક્ષાનો ભાવ ઉત્પન્ન થયો. પુણ્યપુરુષ જીવંધરકુમારની ભાવનાનુસાર તથા હાથીના પુણ્યોદયે તે સમય મૂસળાધાર વર્ષા થઈ, જેથી હાથીઓની રક્ષા થઈ. સત્ય જ કહ્યું છે કે—''પુણ્યવાનની ઈચ્છા સફળ જ થાય છે.''

તીર્થવંદના કરતાં કરતાં જીવંધરકુમાર ચંદ્રભાનગરી પહોંચ્યા. ત્યાં રાજા ધનમિત્રની પુત્રી પદ્મા સર્પદંશથી મરણાસન્ન અવસ્થામાં હતી. જીવંધરે 'વિષહાન મંત્ર'થી રાજકુમારી પદ્માને સર્પવિષથી મુક્ત કરી. રાજા ધનમિત્રે પ્રસન્ન થઈને જીવંધરકુમારને અડધું રાજ્ય આપ્યું અને રાજકુમારી પદ્માનો તેની સાથે વિવાહ કરાવી આપ્યો.

આ પ્રમાણે જીવંધરકુમારે યક્ષેન્દ્રથી પ્રાપ્ત મંત્ર શક્તિનો સદુપયોગ કરીને

**શુભ ને અશુભ અનેકવિધ પૂર્વે કરેલું કર્મ જે,**
**તેથી નિવર્તે આત્મને, તે આતમા પ્રતિક્રમણ છે; ૩૮૩.**

પરોપકારનું જ કાર્ય કર્યું છે. આપણે પણ એમ જ કરવું જોઈએ, ન તો તેનું અભિમાન ન કરવું જોઈએ અને ન તો તેનો દુરુપયોગ કરવો જોઈએ.

ચંદ્રાભા નગરીથી તીર્થવંદના કરતા થકા જીવંધરકુમાર એક તાપસી લોગોના આશ્રમમાં પહોંચ્યા. ત્યાં મિથ્યાતપ કરતા તપસ્વીઓને જોઈને જીવંધરને કરુણા ઉત્પન્ન થઈ. તેમણે તે તપસ્વીઓને વસ્તુસ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરાવ્યું અને તેમને જિનધર્મમાં પ્રવૃત્ત કરાવ્યા.

આગળ તીર્થવંદના કરતા થકા જીવંધરકુમાર દક્ષિણ દેશમાં એક સહસ્રકૂટ જિનમંદિરમાં પહોંચ્યા તે મંદિરના દરવાજા ઘણા વર્ષોથી બંધ હતા. જીવંધરકુમારે માત્ર ભગવાનની સ્તુતિ કરી અને મંદિરના દ્વાર પોતાની મેળે ખુલી ગયા.

મંદિરની સામે બેઠેલા ચોકીદાર જીવંધરકુમારની પાસે આવ્યા અને બોલ્યા— ''હે ભાગ્યવાન ! આ ક્ષેમપુરી નગરીમાં શેઠ સુભદ્ર રહે છે, હું તેમનો ગુણભદ્ર નામનો નોકર છું. શેઠ સુભદ્રની ક્ષેમશ્રી નામની એક કન્યા છે. ''જ્યોતિષીઓએ તેના જન્મ સમયે જ બતાવ્યું હતું કે જે ભાગ્યવાન પુરુષના આવવાથી આ મંદિરના દરવાજા ખુલી જશે, તે ક્ષેમશ્રીનો પતિ થશે.'' માટે આપ મહેરબાની કરીને અહીં રોકાઓ, હું તરત જ શેઠજીને આ શુભ સમાચાર આપીને આવું છું.''



સમાચાર મળતા જ શેઠ સુભદ્ર મંદિરમાં આવીને જીવંધરકુમારથી મળે છે, શેઠજીને માત્ર તેમને જોતા જ તેની વિશેષતાઓ જ્ઞાનમાં આવી જાય છે. તે જીવંધરકુમારની સાથે પોતાની પુત્રી ક્ષેમશ્રીનો વિધિપૂર્વક લગ્ન સંપન્ન કરાવી આપે છે. (ક્રમશઃ)

શુભ ને અશુભ ભાવી કરમ જે ભાવમાં બંધાય છે,<br>
તેથી નિવર્તન જે કરે, તે આતમા પચખાણ છે; ૩૮૪.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ : પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી સમયસાર ઉપર (૧૯મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : શ્રી સમયસાર કલશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : શ્રી જિનેન્દ્ર ભક્તિ

રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ : શ્રી છઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

---

આ વર્ષે પર્યુષણમહાપર્વ જ્ઞાનવૈરાગ્યભીની તત્ત્વોપાસના, મુનીન્દ્રમહિમા, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની ઉપકારભીની દૃષ્ટિથી પ્રભાવનાપૂર્ણ રહ્યું. પર્યુષણપર્વની આરાધના માટે બહારગામથી અનેક મુમુક્ષુ મહેમાનો પધાર્યા હતા. વિધાનપૂજાના સમયે પરમાગમમંદિર તથા પ્રવચનના સમયે સ્વાધ્યાયમંદિર ભરાઈ જતું હતું. ક્ષમાવણીના દિવસે, આ સાધનાતીર્થની પવિત્ર યાત્રા તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ ક્ષમાવણીસ્તુતિપૂર્વક ક્ષમાયાચના માટે બહારગામથી ઘણા મુમુક્ષુ મહાનુભાવ આવ્યા હતા.

**✻ 'સમયસાર ગુજરાતી અનુવાદ'ની પૂર્ણાહૂતિનો વાર્ષિક દિવસ : વિજયાદશમી ✻**

શ્રી સમયસાર પરમાગમના કરાયેલ અનુવાદની પૂર્ણાહૂતિનો વાર્ષિક દિવસ આસો સુદ ૧૦ (દશેરા) તા. ૨૪-૧૦-૨૦૨૩, મંગળવારના રોજ સમયસારની વિશેષ ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

---

## બાળકો માટેના આપેલ પ્રશ્ન સપ્ટેમ્બર – ૨૦૨૩ના ઉત્તર

(૧) સિદ્ધાલય સ્વરૂપ
(૨) સિદ્ધ સમજે
(૩) શુભભાવ
(૪) સમ્યક્દર્શન સમ્યક્જ્ઞાન સમ્યક્ચારિત્ર
(૫) અજ્ઞાની મુનિ
(૬) મિથ્યાત્વ
(૭) પથ્થરની નૌકા પોતે ડૂબાડે
(૮) સાચા કલ્યાણ
(૯) પરમેષ્ઠી
(૧૦) મિથ્યાત્વ
(૧૧) વીતરાગ
(૧૨) રાગ વીતરાગ
(૧૩) મિથ્યાદૃષ્ટિ
(૧૪) અરિહંત
(૧૫) વીતરાગ
(૧૬) ગૃહીત મિથ્યાત્વ
(૧૭) નિર્ગ્રંથ મુનિ નરક
(૧૮) મહાવીર દર્શનશુદ્ધિ
(૧૯) સર્વજ્ઞ વીતરાગ
(૨૦) સર્વજ્ઞ વીતરાગ

## શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ (મુંબઈ) દ્વારા આયોજિત

# પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના ૧૧૦મા મંગલ જન્મોત્સવની ઉજવણી સાનંદ સંપન્ન

(તા. ૨૮-૮-૨૦૨૩ સોમવારથી તા. ૧-૯-૨૦૨૩ શુક્રવાર)

આપણા પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી તેમજ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના અધ્યાત્મસાધનાતીર્થ સુવર્ણપુરીમાં શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ (મુંબઈ) દ્વારા આયોજિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીનો ૧૧૦મો મહામંગલકારી જન્મોત્સવ અત્યંત હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. મહોત્સવના પ્રથમ દિવસે સુવર્ણપુરી સવારે પૂજ્ય ગુરુદેવશ્રીના માંગલિક પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચાથી મહોત્સવનો શુભારંભ થયો.

### ઉત્સવનો દૈનિક કાર્યક્રમ

જન્મજયંતી ઉત્સવ માટે શ્રી જમ્બૂદ્વીપસ્થ શાશ્વત જિનમંદિર જિનબિમ્બ વિધાન પૂજાનું આયોજનમાં પૂજન મંડપમાં નિર્માપિત થનાર જંબૂદ્વીપની રચના દર્શાવતું આકર્ષક જંબૂદ્વીપનું માંડલુ બનાવવામાં આવ્યું હતું. તથા વિધિ અધ્યક્ષ તરીકે ચાર દિશામાં ચાર ભગવાનને બિરાજમાન કરવામાં આવ્યા હતા. આયોજક દ્વારા મુમુક્ષુઓ માટે પૂજનની ખૂબ જ સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

મહોત્સવના દિવસોમાં સવારે ૬.૦૦ થી ૬.૨૦ પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, ૭.૪૫ થી ૮-૪૫ જંબૂદ્વીપ પૂજા, ૯.૦૦ થી ૧૦.૦૦ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસારજી ઉપર સીડી પ્રવચન ત્યારબાદ પૂજ્ય બહેનશ્રીની ભક્તિ, પ્રાસંગિક જાહેરાત તથા સમાગત વિદ્વાનો દ્વારા ધાર્મિક શિક્ષણવર્ગ. બપોરના ૩-૦૦ થી ૪-૦૦ પૂજ્ય ગુરુદેવશ્રીનું છઢાળા ઉપર પ્રવચન પછી જિનેન્દ્રભક્તિ. સાંજે ૬-૪૫ થી ૭-૩૦ સાંજી ભક્તિ મંડપમાં, રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમ. આ પ્રમાણે દૈનિક કાર્યક્રમ સુચારુરૂપથી ચાલતો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ચોથા દિવસે દાદર મંડળ દ્વારા તૈયાર કરાયેલ નાટક જૈન રામાયણ બહુ જ સરસ રીતે પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

મહોત્સવના ચોથા દિવસે શ્રી ધાતકીખંડના ભાવિ તીર્થંકર ભગવાનની રથયાત્રાનું આયોજન થયું હતું. પરમોપકારી પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રીનાં મહામંગળકારી જન્મ દિવસે (શ્રાવણ વદ-૨) પૂજ્ય બહેનશ્રી ચંપાની પ્રતિકૃતિને ફૂલો દ્વારા શોભાયમાન કમાનોમાંથી સ્ટેજ ઉપર લાવવામાં આવેલ. ત્યારબાદ વધામણાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુમુક્ષુઓએ ઉલ્લાસથી માતાજીને વધાવ્યા હતા.

મહોત્સવ ઉજવવાનો આયોજક શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળનો ઉત્સાહ ખૂબ જ પ્રશંસાપાત્ર હતો.

શ્રી કહાનગુરુદેવાય નમઃ  શ્રી આદિનાથાય નમઃ  શ્રી ભગવતીમાતાય નમઃ

## અપૂર્વ અવસર

## શ્રી જમ્બૂદ્વીપ-બાહુબલી જિનાયતન

## પ્રોજેક્ટ ચોરસ ફૂટ (સ્કવેર ફૂટ) યોજના

સાધર્મી મુમુક્ષુ, જય જિનેન્દ્ર

આપને સૂચિત કરતા અત્યંત પ્રસન્નતા થાય છે કે સાધનાભૂમિ સુવર્ણપુરી સોનગઢમાં શ્રી બાહુબલી મુનિરાજ, વિધિનાયક શ્રી આદિનાથ ભગવાન; સ્ફટિકમણિના શ્રી સીમંધર ભગવાન; ચાર બાલયતિ શ્રી તીર્થંકર ભગવાન; શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્રી સીમંધર ભગવાન તથા ધાતકીખંડના ભાવિના શ્રી તીર્થંકર ભગવાન તથા જમ્બૂદ્વીપના ૧૩૦ ભગવંતોની પ્રતિષ્ઠા માટે શ્રી આદિનાથ દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૯ જાન્યુઆરી, ૨૦૨૪ થી તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૨૪ સુધી આયોજિત કરવામાં આવી રહ્યો છે.

આ મહોત્સવમાં દેશ-વિદેશના બધા મુમુક્ષુ ભાઈ-બહેનો તેમનું યોગદાન એવં અનુમોદન કરી શકે—એ જ ભાવનાથી નીચેની યોજનાનું સંચાલન કરવામાં આવી રહ્યું છે.

જંબૂદ્વીપ અને બાહુબલી જિનાયતનની સંપૂર્ણ રચનાનું નિર્માણ લગભગ ૬૫,૦૦૦ ચોરસફૂટમાં કરવામાં આવી રહ્યું છે. તમે પણ આ જિનાયતનમાં જોડાઈને તમારી અનુમોદના કરી શકો છો. આ ભાવનાથી પ્રતિ ચોરસ ફૂટ Rs ૨૫૦૦/-ની દાનરાશિ નિર્ધારિત કરવામાં આવી છે. Rs ૨૫૦૦/-ની દાનરાશિ પર તમને એક કૂપન આપવામાં આવશે અને તેનો ડ્રૉ પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન કરવામાં આવશે. જંબૂદ્વીપમાં બે જિનેન્દ્ર ભગવંતોની પ્રતિષ્ઠા કરવાનો લાભ આ ડ્રૉ દ્વારા નક્કી કરવામાં આવશે. પ્રત્યેક જિનપ્રતિમાને બિરાજમાન કરવાનું સૌભાગ્ય પાંચ ભાગ્યશાળી મુમુક્ષુ પરિવારને (બે વ્યક્તિ પરિવાર દીઠ) પ્રાપ્ત થશે અને અન્ય દ્વારા અનુમોદન કરવામાં આવશે. આ કૂપન આપના મંદિરમાં આપવામાં આવી છે. આ કૂપનને સુરક્ષિત સાચવી રાખશોજી...

**Bank information for Depositing Donations for Jambudweep-Bahubali Jinayatan Project**

**Square Feet Scheme and other Schemes :**

**Account Name : Dig Jain Swadhyay Mandir Trust-Songadh**

**Bank Name : HDFC Bank | Branch : Sihor Branch**

**Account No : 50100637052286 | IFSC Code : HDFC0002144**

**Please send your Name, Address, Payment Details and Screenshot of the Payment on following number for the coupon receipt**

**Phone No : 77 0000 6346**

લિ.

**શ્રી આદિનાથ દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ, સોનગઢ**

## (૧૨૨)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

**(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા ભાગ-૧-૨ ના પ્રકરણ-૪ માંથી મળશે)**

(૧) ચારે અભાવ .............. લાગુ પડે છે.

(૨) સિદ્ધદશાનો સંસારદશામાં અભાવ તે ................ છે.

(૩) એક દ્રવ્યની વર્તમાન પર્યાયનો તેજ દ્રવ્યના આગામી (ભવિષ્યના) પર્યાયમાં અભાવ તેને............. કહે છે.

(૪) કુંભાર (જીવ) અને ઘડા વચ્ચે ................ અભાવ છે.

(૫) આત્મા પરનું કરી શકે તેમ માનનારે ............... અભાવને ન માન્યો.

(૬) પરસ્પર પુદ્‌ગલ દ્રવ્યના વર્તમાન પર્યાયમાં જ ............... અભાવ લાગુ પડે છે.

(૭) એક પદાર્થનું બીજા પદાર્થમાં નહીં હોવાપણું તેને ............. કહે છે.

(૮) અત્યંતાભાવ ................. દ્રવ્યોમાં લાગુ પડે છે.

(૯) જીવ પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને અનુકૂળ અથવા પ્રતિકૂળ માને તે ............... અભાવને ભૂલે છે.

(૧૦) તૈજસ શરીર અને કાર્માણ શરીર વચ્ચે .............. અભાવ હોય છે.

(૧૧) વર્તમાન પર્યાયનો પૂર્વ પર્યાયમાં અભાવ તેને .............. કહે છે.

(૧૨) દૂધ-દહીં અને છાશ વચ્ચે ............... અભાવ હોય છે.

(૧૩) એક જ દ્રવ્યની પર્યાયમાં લાગુ પડે તે (૧) ................ ભાવ અને (૨)................ ભાવ હોય છે.

(૧૪) શરીર અને વસ્ત્ર વચ્ચે ................. અભાવ હોય છે.

(૧૫) અભાવના ભેદ (૧) .................. (૨) ............... (૩) ................ (૪) ................ છે.

(૧૬) ચશ્મા અને જ્ઞાન વચ્ચે .................. અભાવ હોય છે.

(૧૭) ચાર અભાવમાં .................. તે દ્રવ્યસૂચક છે અને બાકીનાં (૧) ................... (૨) .................. (૩).............. પર્યાયસૂચક છે.

(૧૮) એક જ દ્રવ્યનો બીજા દ્રવ્યમાં (ત્રિકાળ) અભાવ હોય તેને ................ અભાવ કહે છે.

(૧૯) કર્મ ઉદયથી જીવને રાગાદિ થાય છે એમ માનનાર બંને દ્રવ્યો વચ્ચે ................. અભાવને ભૂલે છે.

(૨૦) ઈચ્છા અને ભાષા વચ્ચે ................... અભાવ છે.

## (૧૨૨)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર છઢાળાની બીજી ઢાળમાંથી મળશે.)

(૧) જિન પ્રતિમા ................ ભાખી આગમમાંય.

(૨) ............... આખા જગતને જાણે પણ કરે કોઈનું કાંઈ નહિ.

(૩) સર્વજ્ઞદેવે કહેલી વસ્તુ ................. રૂપ છે.

(૪) ............ અને ............... ની ભિન્નતાનું જ્ઞાન તે સાચું જ્ઞાન છે.

(૫) ................ નો અનુભવ કરે ત્યારે જ્ઞાન ચેતના જાગે.

(૬) જૈન શાસ્ત્રોનો સાર .................

(૭) પરમ ............. ભાવ આદરવા યોગ્ય છે.

(૮) શુદ્ધ .............. થી જ મોક્ષ મળે.

(૯) ચારિત્રવંત મુનિરાજ ................ પ્રભુના પાડોશી છે.

(૧૦) ............... નું હિત કરવાનો આ અવસર છે.

(૧૧) ................ ને પ્રગટ કરે તો પૂર્ણ સુખ પ્રગટ થાય.

(૧૨) હે જીવ ! હવે તું ............ હિતના પંથમાં લાગ.

(૧૩) નિગોદનો જીવ એક ઉચ્છવાસમાં .............. ભવ કરે છે.

(૧૪) આત્મામાં ચારિત્રદશા થયા વિના ............. ન થાય.

(૧૫) પરદ્રવ્યમાં ઈષ્ટ-અનિષ્ટપણું પામવું તે ............... છે.

(૧૬) કર્મનું ખરવું તે .............. છે.

(૧૭) સ્વર્ગનું સુખ અને મોક્ષનું સુખ ............... નથી.

(૧૮) ............, ............, ......... તે જીવના હિતનો પંથ નથી.

(૧૯) જીવને દુઃખનું કારણ મિથ્યા ..........., ..........., .......... છે.

(૨૦) જેમાં ............ ન હોય તેને સુખ કહેવાય.

## વૈરાગ્ય સમાચાર :–

* મોરબી નિવાસી સ્વ. દિવાળીબેન ઉત્તમચંદ મહેતાના દીકરી સરલાબેન ઉત્તમચંદ મહેતા (ઉ.વ. ૭૫)નું તા. ૭-૬-૨૦૨૩ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* જેતપુર નિવાસી જયાબેન રમણિકલાલ કામદાર (ઉ.વ. ૯૪) તા. ૨૦-૬-૨૦૨૩ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* સુરત નિવાસી અરૂણાબેન પ્રેમચંદભાઈ શાહ (ઉ.વ. ૯૦)નું તા. ૨૭-૭-૨૦૨૩ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* પ્રવીણાબેન મહેતા (બ્ર. કોકિલાબેન, રૂપાબેનના મોટા બેન) (ઉ.વ. ૮૬)નું તા. ૧૩-૮-૨૦૨૩ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓએ જીવનમાં સોનગઢ રહી લાભ લીધેલ હતો અને દેવ-શાસ્ત્ર-ગુરુની વધુથી વધુ સેવા કરી હતી. તેમના છેવટની ઘડી સુધી પૂર્ણ શુદ્ધિમાં આરાધના ચાલુ હતી. સુદર્શન મેરુ પર્વતની પ્રતિષ્ઠામાં પહોંચવાની તેમની ઘણી જ ઈચ્છા હતી. તેઓના આત્મસંસ્કાર પૂર્ણતાને પામે એવી અભિલાષા.
* વઢવાણ નિવાસી(હાલ અંધેરી-મુંબઈ) શ્રી ઈન્દ્રવદનભાઈ કેશવલાલ શાહના ધર્મપત્ની અરૂણાબેન (ઉ.વ. ૬૬)નું તા. ૨૩-૮-૨૦૨૩ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ ભોળા તથા ધાર્મિક વૃત્તિવાળા હતા.
* બરવાળા(ઘેલાશા) નિવાસી (હાલ મુલુંડ) નયનાબેન જયંતીલાલ દોશી (-તેઓ સતીશભાઈ દોશીના મોટાભાભી) (ઉ.વ. ૮૫)નું તા. ૧૧-૯-૨૦૨૩ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* સુરત નિવાસી શિરીષચંદ્ર મનહરલાલ શાહના ધર્મપત્ની શ્રીમતી રેણુકાબેનનું તા. ૧૪-૯-૨૦૨૩ના રોજ ટૂંકી બિમારીથી દેહ પરિવર્તન થયેલ છે.
* શ્રીમતી પ્રવીણાબેન શશીકાંત ખારાનું તા. ૧૮-૯-૨૦૨૩ના રોજ વિશાખાપટ્ટનમ મુકામે દેહ પરિવર્તન થયેલ છે.
* બરવાળા(ઘેલાશા) નિવાસી (હાલ મુલુંડ-મુંબઈ) લલિતચંદ્ર શાંતિલાલ દોશી (ઉ.વ. ૭૬)નું તા. ૨૨-૯-૨૦૨૩ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો સપ્ટેમ્બર-૨૦૨૩ના ઉત્તરો

| | | | |
|---|---|---|---|
| (૧) આકાશ | (૭) કરોડો | (૧૨) દેશઘાતિ પ્રકૃતિ | (૧૬) આઠ |
| (૨) પુરુષાર્થ | (૮) જીવ | (૧૩) શુક્લ | (૧૭) માંગીતુંગી |
| (૩) મુનિ | (૯) અગુરુલઘુત્વ | (૧૪) પુરુષ | (૧૮) ધ્રૌવ્ય |
| (૪) જૂનાગઢ | (૧૦) તપ | (૧૫) ભાવલિંગી મુનિ | (૧૯) વિપાક |
| (૫) થલચર | (૧૧) વ્યંજન | | (૨૦) ભોગભૂમિ |
| (૬) સ્ત્રી | | | |

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● ત્રિકાળી દ્રવ્યના આશ્રયે જ ધર્મ થાય છે એમ પહેલાં નિર્ણય કરવો જોઈએ. ભલે હજુ પહોંચી શકે નહિ પણ એના સંસ્કાર નાંખવા જોઈએ જેથી પર તરફના વલણવાળા પોતાના ભાવને અનુમોદે નહિ. ૫૮૮.

● પ્રશ્ન :–(પૂર્વના) પુણ્યથી મળતાં પૈસાને પાપ કેમ કહ્યું છે ?

ઉત્તર :–પૈસાને દસ પ્રકારના પરિગ્રહમાં ગણેલ છે તે અપેક્ષાથી પાપ કહ્યું છે પણ ખરેખર તો પૈસા તે જ્ઞેય છે, તેને મારા માને મમતા કરે તે પાપ છે અને તે પાપમાં પૈસા નિમિત્ત છે તેથી તેને પાપ કહ્યું છે. ૫૯૦.

● પ્રશ્ન :–નિશ્ચયનય અને વ્યવહારનયને વિરોધ છે કે મૈત્રી છે ?

ઉત્તર :–નિશ્ચયનય અને વ્યવહારનયને છે તો વિરોધ પણ સાથે રહે છે તે અપેક્ષાએ મૈત્રી પણ કહેવાય. સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનને સાથે રહેવામાં વિરોધ છે તેમ નિશ્ચય વ્યવહારને વિરોધ નથી. સાથે રહે છે તેથી મૈત્રી કહેવાય. ૫૯૧.

● પ્રશ્ન :–સમ્યગ્દષ્ટિ મોક્ષ માટે પ્રયત્ન કરે કે મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે ?

ઉત્તર :–સમ્યગ્દષ્ટિ મોક્ષ માટે પ્રયત્ન કરે છે. પુરુષાર્થ કરે છે અને મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે એટલે કે એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે એટલે મુક્તિની પર્યાય આવવાની જ છે. ૫૯૨.


● સિદ્ધ ભગવાનમાં જેવી સર્વજ્ઞતા, જેવી પ્રભુતા, જેવો અતીન્દ્રિય આનંદ, અને જેવું આત્મવીર્ય છે તેવી જ સર્વજ્ઞતા, પ્રભુતા, આનંદ અને વીર્યની તાકાત તારા આત્મામાં પણ ભરી છે.

ભાઈ એકવાર હરખ તો લાવ કે અહો ! મારો આત્મા આવો પરમાત્મસ્વરૂપ છે. જ્ઞાનાનંદની શક્તિથી ભરેલો છે. મારા આત્માની તાકાત હણાઈ ગઈ નથી. અરેરે ! હું હીણો થઈ ગયો, વિકારી થઈ ગયો. હવે મારું શું થશે ! એમ ડર નહિ. મૂંઝા નહિ, હતાશ થા નહિ...એકવાર સ્વભાવનો ઉત્સાહ લાવ...સ્વભાવનો મહિમા લાવીને તારી તાકાતને ઊછાળ. ૫૯૩

આત્મધર્મ
ઓક્ટોબર-૨૦૨૩
અંક-૨ ● વર્ષ-૧૮

Posted at Songadh PO
Publish on 1-10-2023
Posted on 1-10-2023

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**